મર્હુમ નગરશેઠ ચીમનભાઇ લાલભાઇના સ્મરણાર્થે

ભેટ.

શ્રી

'રસીક'

ગુરૂદેવ ગુણ મણિ માળા.

રચી છપાવીને પ્રસિદ્ધ કરનાર

કવિ 'રસીક' ઉર્ફે

ઝવેરી ભોગીલાલ મોળશાજી.

ડોશીવાડાની પોળ—અમદાવાદ.

અમુલ્ય.

શ્રી 'રસીક'

ગરૂદેવ ગુણમણિમાળા.

રચી છપાવી પ્રસિદ્ધ કરનાર

કવિ 'રસીક' ઉર્ફે

ઝવેરી ભોગીલાલ ધોળશાજી.

ડોસીવાડાની પોળ—અમદાવાદ.

પ્રત ૨૦૦૦ આવૃત્તિ ૧ લી.

અમદાવાદ ખાડીઆ કવીશ્વરની પોળમાં "ધી જ્ઞાન વર્ધક" પ્રીન્ટીંગ પ્રેસમાં આદિતલાલ ન્યાલચંદ દોશીએ છાપ્યું.

સંવત ૧૯૭૦. સને ૧૯૧૪.

કીંમત ૦—૩—૦

મર્હુમ નરરત્ન ચીમનભાઈ લાલભાઈ

નગરશેઠ—અમદાવાદ.



શ્રી આણંદજી કલ્યાણજીની પેઢીના **પ્રમુખ** તથા
પાંચમી શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સની રીસેપ્શન કમીટીના
પ્રમુખ.

Laxmi. P. P. Ahmedabad.

મર્હુમ નગરશેઠ ચીમનભાઈ લાલભાઈનું ટુંક જીવન વૃતાંત,

શ્રીમાન્ નરરત્ન શેઠ ચીમનભાઇનો જન્મ પ્રસિદ્ધ ગુર્જર દેશના મુખ્ય શહેર રાજનગર (અમદાવાદ)માં, સંવત ૧૯૪૦ ના અસાડ માસમાં થયો હતો. તે બાદશાહી વખતમાં નગરશેઠની પદવીને મેળવનાર શેઠ શાંતિદાસના વંશમાં થએલા પ્રતાપી શેઠ હીમાભાઇના પુત્ર પ્રેમાભાઇ, અને તેમના પુત્ર શેઠ લાલભાઇના પુત્ર થતા હતા.

ચીમનભાઇનો જન્મ થયા પછી થોડાજ વખતમાં તેમની માતુશ્રી દેવગત થયા, અને ત્યાર પછી કેટલોક વખતના અંતરે તેમના પીતાશ્રી પણ આ અસાર સંસારમાંથી પરલોકે પહોંચ્યા. આવી રીતે શેઠ ચીમનભાઈ આશરે પાંચેક વરસની વયમાંથીજ માબાપ વિનાના થઈ પડયા.

તેઓ પ્રથમ કેટલોક વખત પોતાના મોસાલમાં રહ્યા, અને ત્યાર પછી તેમના કાકા શેઠ મણીભાઇએ તેમને પોતાની પાસે રાખી ધાર્મીક તથા વ્યવહારીક કેળવણી આપવા માટે યોગ્ય વ્યવસ્થા કરી.

ત્યાર પછી થોડાક વખત કેડે શેઠ. મણીભાઈ પણ સ્વર્ગવાસી થયા, એટલે શેઠ ચીમનભાઇને પોતાનો વહીવટ સંભાળવાનું તેમના પોતાના શીર ઉપર આવી પડયું.

શેઠ ચીમનભાઈ સ્વભાવે ઉદાર માયાળુ અને નમ્ર તથા વિચિક્ષણ હતા. તેઓ આપણી જૈન કોમની શ્રી આણંદજી-કલ્યાણજીની પેઢીના પ્રમુખ હતા, તેમજ અમદાવાદની પાંચમી શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સની રીસેપ્શાન કમીટીના પણ પ્રમુખ હતા.

આ અસાર જગતની સ્થિતિ અનિયમીત છે, તેમજ કાળની ગતિ પણ વિષમ છે. આ વખતે શેઠ ચીમનભાઇને તાવની બીમારી લાગુ થઈ, અને ઘણી તરેહની યોજના કરવા છતાં પણ કોઈ પણ રીતે ફાયદો થયો નહિ, છેવટે શરીર વધારે નરમ થતું ચાલ્યું; અને સંવત ૧૯૬૮ ના શ્રાવણ માસમાં પોતાની અઠાવીસ વરસની ઉમરે આ ફાની દુનિઆનો ત્યાગ કરી ગયા.

તેઓ પોતાની પાછળ એક વિધવા તથા એક પુત્રીને મુકી ગયા છે. તેઓશ્રીનું નાની વયમાં મરણ થવાથી આખી જૈન કોમમાં બેહદ દિલગિરિ ફેલાઇ હતી. તેમના આત્માને સદા શાંતિ મળો એજ પ્રભુ પ્રાર્થના, અસ્તુ.

મુ. અમદાવાદ. } લી૦
ઠે. ડોશીવાડાની પોળ } ઝવેરી. ભોગીલાલ ધોળશાજી.

અર્પણપત્રિકા.

ધર્માનુરાગી, તીર્થરૂપ શીરછત્ર પીતાજી.

બાલ્યાવસ્થામાં મારૂં પાલણ પોષણ કરવામાં અને સમજુ થયા પછી ધાર્મીક તત્વોનો બોધ આપવામાં તથા પ્રસંગોપાત વિતરાગ પ્રભુએ બતાવેલા શુદ્ધ માર્ગનું રહસ્ય સમજાવવામાં આપે જે શ્રમ લીધો છે, તેનો બદલો વાળવાને હું કોઇ પણ રીતે સમર્થ નથી, તો પણ આપે દીધેલા તે અપુર્વ શદ્બોધ ની શોભાનો પ્રકાશ કરનાર, "શ્રી ગુરૂદેવ ગુણમણિ માળા" એ નામનું, શ્રી શુદ્ધ ગુરૂદેવના ગુણરૂપ મણિઓની ગુંથેલી જે માળા તે રૂપ પુસ્તક તે આપના કંઠાગ્રને વિષે સવિનય સમર્પણ કરૂં છું.

લી૦

આપનો આજ્ઞાંકિત બાળ

"રસીક"

ઉર્ફે ભોગીલાલ.

પ્રસ્તાવના.

સુજ્ઞ મહાશય, શોખ એ એક અજબ વસ્તુ છે; દુનિઆમાં દરેક જનને જુદી જુદી જાતનો શોખ રહેલો હોય છે, તેમાં કેટલાકને ધાર્મીક વિષયોનો અને કેટલાકને મોઝ મજાહ ઉડાવવાનો શોખ હોય છે, અને તેવીજ રીતે મને પણ, મારી પંદર વરસની વયે હું નિશાળમાં જતો ત્યારથી કવિતા રચવાનો શોખ લાગ્યો હતો.

પ્રથમ મેં સભાના બાળકોને ભાવનાઓમાં તથા રાત્રી જગાઓમાં ગાવાને, નાટકીય ગાયનોની રાહો પ્રમાણે કેટલાક વિતરાગ દેવના સ્તવનો રચી એક નાનકડું પુસ્તક બહાર પાડયું, જે કેટલેક અંશે માનનીય તથા પ્રસંશનિય થઈ પડયું.

ત્યાર પછી ઢુંઢક પ્રત્રકારને પ્રત્યુત્તર (ગદ્યમાં) તથા રાજનગર રત્ન વિરહ (શેઠ લાલભાઈ દલપતભાઇનો મૃત્યુ વિલાપ) એ બે નાનકડી ચોપડીઓ પ્રસિદ્ધ કરી, અને તે પણ લોક પ્રિય થઇ પડી.

આ પ્રમાણે મહારો ઉત્સાહ વૃદ્ધિ પામવા લાગ્યો, તે સાથે અત્રે પધારેલા એક મહાન્ ઉપગારી મુનિરાજની ગુંહળી બનાવવાની મને અમુક જન તરફથી ભલામણ થઈ, જે મારી બુદ્ધિના પ્રમાણમા મને મુશ્કેલ જણાયુ, પરંતુ મારી તે ધારણા વ્યાજબી ન હતી.

ઘરમાં પ્રવેશ કરવાના દ્વારને જાણનારો માણસ આખા ઘરમાં ગમે તે સ્થળે નિઃશંકપણે જઈ શકે છે, અને એ પ્રમાણે મેં પણ મારા કાર્યની સરૂઆત કરી જે ઘણે અંશે ફળીભુત થઈ; કારણ કે તે પણ વાચનાર તથા સાંભળનાર દરેક જનને આનંદદાયક થએલી જણાતી હતી.

એમ કરતાં દીવસે દીવસે કેટલાક પ્રાચિન મહાત્માઓની તથા અર્વાચિન ઉપગારી મુનીશ્વરોની અને બીજા–કેટલાક ઉપયોગી વિષયોની ગુંહળીઓ બનાવી.

હવે કેટલેક ઠેકાણેથી ગુંહળીઓની વારંવાર માગણી થવાથી તે લખી આપવાનું મહારાથી બની શકયું નહિ, અને કેટલાક માણસોની ભલામણથી ચોપડી છપાવવાનો વિચાર થયો, પરંતુ ચોપડીનું કદ નાનું થઇ જશે એ વિચારથી વર્ત્તમાન ચોવીસીના ચોવીસ તીર્થંકરોના સ્તવનો અસલની રસીક દેશીઓમાં બનાવ્યા.

આગળ થઈ ગએલા કેટલાક મહાન પુરૂષોએ ઘણી ઘણી ચોવીસીઓ બનાવેલી છે, કે જેની આગળ આ મારી કૃતિ સાગરની પાસે એક નાનકડા ઝરણીઆ જેવી ગણાશે; તો પણ તેની અંદર રહેલા પરમાત્માના અપુર્વ ગુણરૂપ નિર્મળ જળનું પાન કરનાર ભવ્યાત્માઓ, અનહુદ આનંદ પ્રાપ્ત કર્યા વગર રહેશે નહિ.

બીજુ આ ચોપડી તૈયાર કરવામાં બનતી કાળજી રાખવામાં આવી છે, તો પણ દૃષ્ટિદોષ અગર મતિદોષથી રહી ગએલી ભૂલને માટે હું મિચ્છામિ દુક્કડં દઉછું.

જ્ઞાન અમુલ્ય ધન છે, એમ જાણી આ અગર બીજી કોઈપણ ચોપડી રખડતી મુકી આશાતના કરવી નહિ, પરંતુ ચડતા પરિણામથી બહુમાન તથા ભકિત કરવી, કે જેથી ફરીને આ વિકટ સંસારાટવીનું રહેજે ઉલંઘન કરી શકાય એજ.

સંવત ૧૯૭૧ સોભાગ્ય પંચમી. } લી. કર્તા. અમદાવાદ.

श्री संखेश्वरपार्श्वनाथाय नमः

श्री "रसीक"

ગુરૂદેવ ગુણમણિમાળા.

મંગલાચરણ.

રાગ કલ્યાણ.

પાર્શ્વ સંખેશ્વરા.
વારી જાદવ જરા— પાર્શ્વ.
તરણ તારણ દુઃખ નિવારણ,
જગત્ જંતુના ઉદ્ધારણ;
ભવિક જીવને મુક્તિ કારણ,
સુગતિના દાતર સ્વામી,
પ્રણમીએ પ્રભુ મુક્તિગામી, પાર્શ્વ.
ધરણ ઉદ્ધર્યો જીણંદ, (૨)
કાપજો 'રસીક' ફંદ, (૨)
સકળ જગજન નમે, પાર્શ્વ.

માલિનિ છંદ.

ત્રિભૂવન પાત દેવા, મુક્તિ રમણિ વિલાસી,

અતિ દુર જઈ આપે, આત્મ જ્યોતિ પ્રકાશી, ૧

કયમ કરી તુમ દેખું, જ્ઞાન ચક્ષુ ન મ્હારે,
પણ તુજ છબિ પ્યારી, ચાર ગતિને નિવારે. ૨

કેઈ જડ મત ધારી, આપ મૂર્ત્તિ ઉત્થાપે,
અસત્ય વચન ભાષી, સત્યનો પંથ કાપે, ૩

હૃદય કમળ વાસી, તુંજ પ્રતિમા હું જાણું,
'રસીક' રટણ ત્હારૂં, ભાવથી દિલ આણું. ૪

શ્રી ઋષભદેવજીન સ્તવન.

ચાલોને પ્રીતમજી પ્યારા શેત્રુંજે જઈએ. એ–દેશી.

ઉઠી પ્રભાતે મરૂદેવીના નંદન તુજ સ્મરીએ,
પ્રથમ યતિ તુમે પ્રથમ જીનેશ્વરને ચિત્તમાં ધરીએ,
પ્રથમ ભુપ પૃથ્વીના નાયકને વંદન કરીએ. ઉઠી. ૧

તારણ તરણ છો ત્રિભુવન સ્વામી સેવકને તારો,
અવર નથી કોઈ આપ સરીખો મુજ ઉદ્ધારો. ઉઠી. ૨

યુગ્લા ધર્મ નિવારક જીનજી નમીએ નિત્ય ભાવે,
જાય ઉપદ્રવ થાય સમાધિ સમતા રસ આવે, ઉઠી. ૩

કલ્પતરૂની અલ્પ યાચના ફળ આજ આપે,
તુજ સરીખો મુજ સહાયક તે કયમ દારિદ્ર નવ કાપે. ઉઠી. ૪

અલખ નિરંજન ચીદ્રૂપ ચીદ્‌ઘન મુક્તિ પુરી વાસી,
'રસીક' સ્તવે પ્રભુ વૃષભ જીનેશ્વર દ્યો પદ અવિનાશી. ૫

શ્રી અજીતનાથજીન સ્તવન.

રાગ—પ્રભાત.

પાર્શ્વ સંખેશ્વરા સાર કર સેવકા એ દેશી.

અજીત જીન અજીત તું કર્મ વૈરી પ્રતે,
બાહ્ય શત્રુ નહિ કોઇ ત્હારે,
શત્રુ અંતર તણા ક્ષય થતા આતમા,
મીત્રને વૈરી સરખાજ ધારે.— અજીત. ૧
તેમ તુજ પ્રશમ ગુણ અવરને હીત કરે,
શાન્ત સુખ શાન્તિની છાપ આપે,
શીત ચંદન સુવાસીત કરે વાંસીને,
કર ગ્રહી જન ભલે કોઈ કાપે- અજીત. ૨
કોઈ ત્રિહુંકાળ પુજા કરે પ્રેમથી,
વિવિધ દ્રવ્યો લઇ ભકિત સારી,
કોઇ તુજ ગુણ પ્રતિ દ્વેષ બુદ્ધિ ધરે;
બેઉ ભણી સમ નજર નાથ ત્હારી. અજીત. ૩
એવી નિર્મળ મતિ છે પ્રભુ આપની,
તોય આશ્રિત પ્રતિ મહેર લાવો,
દાય કરજોડીને દાસ હું કરગરૂં;
વિષમ ભવ ભય થકી મુજ બચાવો. અજીત. ૪
અખુટ ધનવંત શ્રીમંતજન આગળે,
યાચતાં તુચ્છ દારિદ્ર નાસે,
અજીત પ્રભુ ત્રૂઠતાં અનુપ રિદ્ધિ મળે,
'રસીક' વળી મુક્તિનું સુખ વિલાસે. અજીત. ૫

શ્રી સંભવનાથજીન સ્તવન.

રાગ—બંગાલ, કીસકે ચેલે કીસકે પુત—એ દેશી.

સેના સુત પ્રભુ સંભવ નાથ,
તારક છો તમે અહો મુજ હાથ. પ્રભુ સાંભળો ૧.
જીતારી નૃપ નંદ કૃપાળ,
તાર્યા બહુ વિભુ દિન દયાળ. પ્રભુ૦ ૨
પુર્વ ભવે સંઘ ભક્તિ ઉદાર,
કરી પામ્યા જીન પદ જગ સાર. પ્રભુ૦ ૩
સાવથ્થી નયરી શીણગાર,
જગ ઉપગારે થઈ અણગાર. પ્રભુ૦ ૪
તપ તપતાં લહ્યું કેવળ નાણ,
અવરને દઈ કર્યા આપ સમાન, પ્રભુ૦ ૫
નાણ રિદ્ધિ તુજ અખુટ જણાય,
અનહદ દેતાં ઓછી ન થાય. પ્રભુ૦ ૬
તો હું યાચું ઘો પ્રભુ ઝુઝ,
'રસીક' સ્તવે મુજ નાયક તુજ. પ્રભુ૦ ૭

અભીનંદનજીન સ્તવન.

વ્રત સાતમે વીરતિ આદરૂરે લોલ—એ દેશી,

સુર સ્વામીના સ્વામીને વીનવુંરે લોલ,
અભીનંદન જગદાધારજો,
કરૂં વંદન હું ઉલટ ધરીરે લોલ,
જયમ પામું જગત નિસ્તારજો— સુર ૧

હુ મોહ્યો સંસારે વિભ્રમેરે લોલ,
ફર્યો ચારે ગતિ બહુ વારજો,
જરા જન્મ મરણના ત્રાસથીરે લોલ,
લહ્યું વિષમ દુઃખ અપારજો— સુર ૨
તોયે કાંઈક પુન્ય ઉદય થકીરે લોલ,
તુજ દર્શન દીઠું આજજો,
જો થાયે કરૂણા આપનીરે લોલ,
તો સાધે સેવક નીજ કાજજો— સૂર ૩
જેમ પારસ મણિના સ્પર્શથીરે લોલ,
થાય લોહ સુવર્ણ સ્વરૂપજો,
વહાલા નેહ નજર જો તું કરેરે લોલ,
તો પામુ હું સુખ અનુપજો— સૂર ૪
સુણો સંવર ભુપના પાટવીરે લોલ,
તુમે તાર્યાં અનેક નર નારજો,
તો એક હું ભારે નહિ પડરે લોલ,
કર ઝાલો 'રસીક' દાતારજો— સુર ૫

સુમતિનાથજીન સ્તવન.

પંચમ પદને ગાઈએરે—એ દેશી.

સુરપતિના પતિ ભકિત તુમારી,
યાચું બે કર જોડરે,
અવર દેવ તે કદીય ન આવે,
સુમતિ જીણંદ તુજ હોડ—શિવ વધુ રસીઆ

આરા કરમ કટક પ્રભુ તોડ-- મુજ મન વસીઆરે. ૧
મેઘરાય ભુપતિના નંદન,
વીનતડી સ્વીકારરે,
અશરણ શરણ જીનેશ્વર મ્હારા,
ત્રિવીધ તાપ નિવાર— શિવ. ૨
મોહ અરિ મુજ કેડે લાગ્યો,
લઈ નીજ શસ્ત્ર અપારરે,
પુન્ય કોટને તોડી કરશે,
મુજને વીણ આધાર— શિવ. ૩
દાદ ધરી દિલ હે દિનબંધુ,
સહાય કરો જગનાથરે,
સમય જતા શું કામ આવશે,
હાલ ગ્રહો મુજ હાથ— શિવ ૪
અલખ નિરંજન તું અજરામર,
ચીદાનંદ ભગવાનરે,
' રસીક ' વાણીથી અરજ કરૂંછું.
દો મુજ દો શુભ ધ્યાન— શિવ. ૫

પદ્મપ્રભુજીન સ્તવન.

જીનરાજ લીયે વ્રત આજ સુણો સવી દેવારે-એ દેશી

પદ્મ પ્રભુ તુજ દેશનારે,
અમીરસ વૃષ્ટિ સમાન,
ભવિ ચાતક અતિ હર્ષથીરે,

કરતા તેહનું પાન—સુણો જીનરાયારે
તે શિવ પુરના મેમાન— ખચીત નમાયારે. ૧
કોણ કરમ અંતરાયથીરે,
ભટકયો અનાદિ કાળ,
જન્મ મરણ જંજાળથીરે,
ઉદ્ધર દિન દયાળ— સુણો. ૨
કોઈક પુન્ય પસાયથીરે,
દર્શન દીઠુ આપ,
અતુલ બળી પ્રભુ આશ્રયેરે,
નહિ મ્હારે સંતાપ— સુણો. ૩
શાસન ત્હારૂં પામીનેરે,
જો રખડું સંસાર,
તે તુમને શોભે નહિરે,
જીનવર જગદાધાર— સુણો. ૪
મહેર કરી દ્યો આપજીરે,
બોધિ બીજ સુખ ખાણ,
દાસ 'રસીક' યાચે મુદારે,
ભવોદધિ તારક વહાણ— સુણો. ૫

શ્રી સુપાર્શ્વનાથજીન સ્તવન.

ધન્ય ધન્ય તે જગ પ્રાણીઆ—મન મોહન મેરે એ દેશી.
શ્રી સુપાર્શ્વજીન સાતમા—જીનરાજ હમારા.
અરજ સ્વીકારો આપ—જગજીવન પ્યારા

આશ્રય દાતા તું ધણી—જીનરાજ
આશ્રિતનું દુઃખ કાપ— જગજીવન. ૧
કીહાં મેરૂ કીંહા કાંકરો—જીનરાજ
ક્યાં કંચન ક્યાં કથીર—જગજીવન
હું સેવક તું સાહબો—જીનરાજ
હું કાયર તું ધીર— જગજીવન. ૨
અણ જુગતિ જોડી જીહાં—જીનરાજ
કયમ કરી બેસે તાલ—જગજીવન
હૃદય વિષે સમજુ છતાં—જીનરાજ
કરગરી કહું પ્રભુ લાલ— જગજીવન. ૩
વિકટ આ જગની વાટમાં—જીનરાજ
ભુલો ભમ્યો બહુ વાર—જગજીવન
સાર્થવાહ સમર્થ તું—જીનરાજ
પહોચાડો શિવ દ્વાર— જગજીવન. ૪
જગ નાયક તું જગપતિ—જીનરાજ
સકળ જંતુ હીતકાર—જગજીવન
શરણાંગત નવ વીછડશો—જીનરાજ
'રસીક' પ્રભુ આધાર— જગજીવન. ૫

ચંદ્રપ્રભુજીન સ્તવન.

સિધ્ધ ચક્ર પદ વંદો—એ દેશી
ચંદ્ર પ્રભુ તુજ વદન મનોહર,
સોહે શરદનો ચંદ

ભવિજન કુમુદ વિકસ્વર થાયે,
દેખત વિણ મતિ મંદરે સ્વામી
અરજ એક અવધારો,
મહુસેન નૃપના નંદરે સ્વામી.
ભવજળ પાર ઉતારો. ૧

આપ વિના નહિ શરણુ છે મ્હારે,
વિતરાગ જીનવરજી,
સહાય ઉગારો અથવા વિસારો,
જેવી તમારી મરજીરે સ્વામી અરજ. ૨

પ્રાણુ જતાં પરદેવની સેવા,
સ્વપ્ને પણ ન સ્વીકારૂં,
સ્વામી દ્રોહથી નિશ્ચય મુજને,
મરણુ શરણુ બહુ પ્યારૂંરે સ્વામી અરજ. ૩

એક માત એક તાત તેમ છે,
નિશ્ચય તું પ્રભુ મ્હારે,
આપ વિછડતા હું અશરણુને,
અવર કોણુ ઉગારેરે સ્વામી અરજ. ૪

દાસ પ્રતિ પ્રભુ કરૂણા લાવી,
આશા પુરણુ કરી આપો,
બાળ ' રસીક ' યાચે કરજોડી,
શિવપુર સન્મુખ સ્થાપોરે સ્વામી અરજ ૫

શ્રીસુવિધિનાથજીન સ્તવન.

શ્રી અરિહંત પદ ધ્યાઇએ—એ દેશી.

સુવિધિ જીનેશ્વર સાહેબા,
કરૂણા રસ ભંડારરે,
નેહ નજર પ્રભુ આપની,
ઉતારે ભવ પારરે— સુવિધિ. ૧
તારક તુજ સમ કો નહિ,
પામ્યો હું પુન્ય યોગેરે,
પાપ પ્રમાદથી આપના,
રહેતો દર્શ વિયોગેરે— સુવિધિ. ૨
દર્શન શિવપુર દ્વારજે,
અમર સુખ તરૂ કંદરે,
સંયમ જ્ઞાનથી ફુરજે,
તે આપો જીનચંદરે— સુવિધિ. ૩
સુગ્રીવ રાયના પાટવી,
રામા માતના નંદરે;
સુરપતિ સેવીત જીનવરા,
કાપો ભવ ભય ફંદરે. સુવિધિ. ૪
આવ્યો તુમારે આશરે,
તો કયમ પાછો જાઉંરે;
'રસીક' સુખ સાધીત ભલું,
આપ પસાયે પાઉંરે. સુવિધિ. ૫

શીતળનાથજીન સ્તવન.

કુંથુજીન મનડું કીમહીન બાઝે. એ દેશી.

નાથ તુજ દર્શનની બલીહારી,
મૂરતિ મોહનગારી. નાથ.

દર્શન ચંદ્ર કીરણ વીસ્તરતાં,
મુજ મન કુમુદિની હર્ષે;
અમીરસથી મીઠું તુજ દર્શન,
મળતા આનંદ વર્ષે. નાથ. ૧

દોષ અઢાર રહિત જીનવરજી,
ચોત્રીસ અતિશય ધારી;
નિષ્કામી પ્રભુ તુજને ભજતાં,
થાઉં અલ્પ સંસારી. નાથ. ૨

તું નિર્યામક ભવોદધિ તારક,
આશ્રિત જનને ઉગારે;
નિશદિન રટતાં હાથ ન આવો,
એ અચરીજ મન મ્હારે. નાથ. ૩

કઠીણ કરમ મુજ કેડ ન મુકે,
ત્રિવિધ તાપ બહુ આપે;
અચરીજ કારણ સંશય ઉપન્યો,
ટાલ્યો આપ પ્રતાપે. નાથ. ૪

શીતળ શિવ સુખ દાયક નાયક,

શીતળ જીનવર ભજીએ;
સકળ કળા નિધિ સાહેબ પામી,
'રસીક' ઉપદ્રવ તજીએ. નાથ. ૫

શ્રી શ્રેયાંસનાથ જીન સ્તવન.

એક દિન પીંજર લેય બેઠી સા ગોખડે મારા લાલ એ દેશી.

શ્રી શ્રેયાંસ જીનેશ્વર સાહેબ તું ધણી. મારા લાલ.
અનુપમ જ્ઞાનનું તેજ પ્રકાશક દિનમણિ. મારા લાલ.
ભવિજન પંકજ જાસ કીરણથી ખીલતાં. મારા લાલ.
જગપતિ તુમ સુપસાય મિથ્યાત્વને પીલતાં. મારા૦ ૧

જડતા ભાગે દુર અજ્ઞાની પણું ટળે. મારા લાલ.
થાયે તત્વ પ્રતીત પરમ પદવી મળે. મારા લાલ.
એમાં શક તલભાર નહિ મુજ મન વિષે. મારા લાલ.
ગગન તણુ નહિ માપ જેમ પ્રત્યક્ષ દીસે. મારા૦ ૨

ઇચ્છીત ફળ દાતાર તું મુજ મનમાં વસ્યો. મારા લાલ.
પણ પરમેશ્વર બાપ હું કર્મ વિષે ફસ્યો. મારા લાલ.
સહાયક તું ભગવંત અતુલ બળ આપનું. મારા લાલ.
નાયક તું મુજ સાથ ચલે શું પાપનું. મારા૦ ૩

સેવક જાણી આપ ચરણ પ્રતિ સ્થાપજો. મારા લાલ.
શિવ રમણિના સ્વામ જ્ઞાન મુજ આપજો. મારા લાલ.
સાયરથી જળ બુંદ ન દેતાં ખુટશે. મારા લાલ.
યાચક જનની આશ ફળે દુઃખ તુટશે. મારા. ૪

વિષ્ણુરાજ કુળચંદ વિનંતિ માહરી. મારા લાલ.
શિંગપુરી શિણગાર ઓચ્છ છે તાહરી. મારા લાલ.
ભવરણ ભમતાં શરણ તુમારૂ જો મળે. મારા લાલ.
થાય 'રસીક' ભવ અંત જન્મ સ્થિતિ લય ટળે. મારા૦ ૫

શ્રી વાસુપુજ્ય જીન સ્તવન.

હાંરે મારે ઠામ ધરમના સાડા પચવીસ દેશજો—એ દેશી.

હાંરે પ્રભુ વાસુપુજય શ્રી જીનવર જગદાધારજો,
અશરણ શરણ મરણ જંજાળ નિવારજોરે લો;
હાંરે પ્રભુ ત્રિવિધ તાપ એ ત્રાસ દીયે હદ બહારજો,
સમરથ સાહેબ આપ મને ઉગારજોરે લો. ૧

હાંરે પ્રભુ તુજવિણ બીજે કહેવી ન ઘટે વાતજો,
રત્ન તજી કોણ કાચ તણો આશ્રય ચહેરે લો;
હાંરે પ્રભુ કલ્પદ્રુમ તું ઇચ્છિત સુખનું ધામજો,
તે છોડી કુણ અવર વૃક્ષ છાંયે રહેરે લો. ૨

હાંરે પ્રભુ અવર દેવ તુંજ સાથે કેમ ઘટાયજો,
ગજવર સાથે રાસભ તે કેમ બાંધીએરે લો;
હાંરે પ્રભુ કામ અરિ સંહારક કેસરી આપજો,
પરનારી વશ અન્યદેવ નહિ સાધીએરે લો. ૩

હાંરે પ્રભુ નિર્મળ આશ્રય આપતણો જીનરાજજો,
દેવ દયાળુ રહેમ ધરીને દીજીએરે લો;
ભુ અખુટ આપનો રિદ્ધિ કોષ દાતારજો,

અદ્દપ આપીને સાબાશી બહુ લીજીએરે લો. ૪
હાંરે પ્રભુ અનુપમ સુંદર ચંપા નયરી ઠામજો,
માત જયા વસુપુજ્ય રાયકુળ દિપવ્યુંરે લો:
હાંરે પ્રભુ ધર્મ ધોરી જગજીવન દુ:ખ હર દેવજો,
'રસીક' દીયો શિવ કમળા ઝાઝુ શું કહુંરે લો. ૫

શ્રી વિમળનાથજીન સ્તવન.

મહેલા ઉપર મેહ ઝબુકે વીજળી હો લાલ ઝબુકે વીજળી
એ દેશી.

પુરષોત્તમ ભગવાન વિમળ જીન સાંભળો હો લાલ વિમળ૦
એક ઘડી અરિહંત એકાંતે જો મળો હો લાલ એકાંતે૦
કંપીલપુર શિણગાર જગત પ્રભુ આપને હો લાલ જગત૦
કરજોડી કહું વાત બાળક જેમ બાપને હો લાલ બાળક૦ ૧
પૂરવ પૂન્ય પસાયે મળી તુંજ ગોઠડી હો લાલ મળી૦
તો પણ શેષ કુકર્મથી આપદ જે પડી હો લાલ કે આપદ૦
મુઝાયો મતિમંદ હું ધન રમણિ વિષે હો લાલ હું ધન૦
ગજ શ્રવણેંદ્રિ સમાન ચપળ દુ:ખકર દીસે હો લાલ ચપળ૦ ૨
દીઠી નહિ કોઈ ઠામ રહી સ્થિર તે ઠરી હો લાલ રહી સ્થિર૦
સુરનર ચક્રિ નરેંદ્ર મૂકીને ગયા મરી હો લાલ મૂકીને૦
જાણુંછું જગનાથ તથાપિ નવ છૂટે હો લાલ તથાપિ૦
ખાય હલાહલ વિષ ઉગરવા શીર ફૂટે હો લાલ ઉગરવા૦ ૩.
એમ સ્થિતિ મુજ હોય સાયર હરિ બીચમાં હો લાલ સાયર૦
સહાય કરો જગદીશ પડયો દુ:ખ કીચમાં હો લાલ પડયો૦

અજરામર શીરતાજ વિનંતિ ઉર ધરો હો લાલ વિનંતિ૦
આપ વિના આધાર નથી મુજ ભય હરો હો લાલ નથી૦ ૪
શ્યામાજનની સુત કહું શું ફરી ફરી હો લાલ કહું શું૦
કૃતવર્મા નૃપ નંદ તુમે ભવજગ તરી હો લાલ તુમે૦
બાંહ ગ્રહી પ્રભુદેવ દયાનિધિ તારજયો હો લાલ દયાનિધિ૦
"રસીક" શિરોમણિનાથ વિપત્તિ નિવારજયો હો લાલ વિપત્તિ૦ ૫

શ્રી અનંતનાથજીન સ્તવન.

આપલડારે પાતીકડાં તમે શું કરશો હવે રહીનેરે—એ દેશી.

અનંત અનંત ગુણ અનંત જીનેશ્વર,
મહિમા જગ વિસ્તારરે,
ક્રોડ જીભે કહેતાં ચીરકાળે,
સુર પણ નલહે પારરે. અનંત. ૧
પ્રબળ પ્રતાપી લબ્ધિવંતથી,
સીઝે નહિ જે કામરે,
તે કરવા મુજ સરીખો બાળક;
શું મેળવશે હામરે. અનંત. ૨
નીર ભર્યો નાનકડો વહેળો,
તરવો જ્યાં મુશ્કેલરે,
અખૂટ વારિ ભરીયા સાયરથી,
પાર જવું શું સહેલરે. અનંત. ૩
સકળ સિધ્ધિ દાયક જીન નાયક,
સ્મરણ કરે જય થાયરે,

તુજ ગુણ ગણતાં સર્વ ઉપદ્રવ;
આવ્યા દૂર પલાયરે. અનંત. ૪
પારગ તુજ ગુણ મુક્તાફળની,
શ્રેણિ હૃદય પર રાખું રે;
'રસીક' શ્રેણિ એ અવિચળ રહેતાં,
ઇચ્છિત શિવસુખ ચાખું રે. અનંત. ૫

શ્રી ધર્મનાથજીન સ્તવન.

અરણિક મુનિવર ચાલ્યા ગૌચરી—એ દેશી.

ધર્મ જીનેશ્વર સાહેબ વિનતિ,
અવધારો અરિહંતજી,
તુમ નામે સવી સુખ સંપત્તિ મળે,
આતમ રિધ્ધિ અનંતજી. ધર્મ જીનેશ્વર. ૧
રંકપણું તજી રંક ધની બને,
પથ્થર સુરમણિ હોયજી:
લોહ સુવર્ણ સ્વરૂપે થઇ રહે,
દુઃખી રહે નહિ કોયજી, ધર્મ જીનેશ્વર. ૨
પણ અચરિજ એક મુજ મનમાં રહ્યું,
સંભારૂ દિન રાતજી;
જન્મ જરા મરણાદીક ત્રાસથી,
વિરમ્યો નહિ જગ ભ્રાતજી. ધર્મ જીનેશ્વર. ૩
લાખ ચોરાશી જીવયોની વિષે,
પળ પળ પલટી દેહજી,

થરથર કંપે મન મ્હારૂં અતિ,
જો સંભારૂ એહજી. ધર્મ જીનેશ્વર. ૪
દિનદયાળુ જીણંદા દ્યો હવે,
સમકીત તત્વ નિધાનજી;
જેહ તણા આલંબનથી મળે,
'રસીક' સુખ નીર્વાણજી. ધર્મ ધનેશ્વર. ૫

શ્રી શાન્તિનાથજીન સ્તવન.

આવોરે આવો પાર્શ્વજી મુજ મળીઆરે—એ દેશી.

સલુણા સાભળો મુજ અરજીરે,
દીલચાહાય તે કર જીનવરજી. સલુણા.
પ્રભુ દેવ દયા ગુણ ખાણીરે,
કબૂતર પર કરૂણા આણીરે;
ગ્રહો હાથ હું સેવક જાણી. સલુણા. ૧
હું રખડયો ચોગતિ દરિયેરે,
ભવ ભમતા બહુ દુ:ખ ધરિયેરે;
હવે તુજ પસાયથી તરીએ. સલુણા. ૨
તુમે ચોત્રીસ અતિશયવંતરે,
ઉપગારી ઉધ્ધરીયા અનંતરે;
આપો મને ભવભય અંત. સલુણા. ૩
હું એજ આશાએ આવ્યોરે,
દેદાર ભલો તુજ ભાવ્યોરે;
મને શિવ પુર પંથ બતાવો. સલુણા. ૪

નૃપ વિશ્વસેનના નંદરે,
અચીરા સુત શાન્તિજીણંદરે;
ભવિ કુમુદ વિકાસક ચંદ. સલુણા. ૫
પ્રભુ હસ્તીનાગ પૂર વાસીરે,
મૃગ લંછન ગુણનો રાશીરે,
સ્તવે 'રસીક' અચળ સુખ આશી. સલુણા. ૬

શ્રી કુંથુનાથજીન સ્તવન.

શ્રી જુગ મંધરને કહેજો—એ દેશી.

શાસન પતિ અરિહાસ્વામી,
કુંથુનાથ અંતરજામી;
અરજ કરૂં પ્રભુ શીર નામીરે,
સાહેબ મુજરો સાંભળજો;
ક્ષણભર એકાંતે મળજો. સાહેબ. ૧
અંતરમાં જે વાત ભરી,
કહેશું તુમને ભાવ ધરી;
પીડે ક્રોધ કષાય અરિ. સાહેબ. ૨
ચાર લૂંટારાએ લૂંટયો,
પુન્ય ખજાનો સમ ખૂટયો;
શિવ રમણિનો સ્નેહ તૂટયો. સાહેબ. ૩
અચળ અમર શિવ સેજ વિષે,
જાવા મુજ હેડું હીંસે;
અવર સ્થળે નહિ સુખ દીસે. સાહેબ. ૪

ધર્મ ધુરંધર ઉપગારી,
કર કરૂણા તુજ બલીહારી;
હાથ ગ્રહો સેવક ધારી. સાહેબ. ૫
શ્રી માતા સુર તાત તણા,
કુળ દીપક નહિ કાંઈ મણા,
'રસીક' નિવારો દુઃખ ઘણા. સાહેબ. ૬

શ્રી અરનાથજીન સ્તવન.

સનેહી સંત એ ગિરિ સેવો—એ દેશી.

પ્રભુ શ્રી અરજીન જગદીશ,
તુજ ચરણે નમાવી શીશ;
કરૂં સમરણ સ્તુતિ અહર્નીશ,
આપો મને શુભ આશીષ;
નિરંજન નાથ જગ ઉપગારી,
તારી સૂરતની બલીહારી. નિરંજન. ૧
પ્રભુ પામ્યા કેવળજ્ઞાન,
જે આતમ રિદ્ધિ નિધાન;
સુર સમોવસરણ મંડાણ,
કરતા થઇને એકતાન. નિરંજન. ૨
મણિરજત કનકનું સોહે,
બેસી પ્રભુ જન પડીબોહે,
તુમ વાણિએ ભવિજન મોહે;
શુભ ધ્યાનમાં ચિત્તને રોહે. નિરંજન. ૩

એમ અચળ અમરપદ પામે,
એ યશ પ્રભુ આપના નામે,
તુજ અતિશયથી સુખ જામે;
આશ્રિત સહુ દુઃખથી વિરામે. નિરંજન. ૪
દિન વત્સળ તું પ્રભુ પ્યારો,
હું શરણાંગતને તારો;
દુર્ગતિ પડતાં ઉધ્ધારો,
મનમોહન લાજ વધારો. નિરંજન. ૫
સુદર્શન નૃપના નંદ,
મુખ શરદ પૂનમનો ચંદ;
તુજ કર શિવ તરૂનો કંદ,
ગ્રહે 'રસીક' ધરી આણંદ. નિરંજન, ૬

શ્રી મલ્લિનાથજીન સ્તવન.

મારી પ્રભુ દશામા શીતળનાયકે સુણો એક વિનતીરે લોલ.
એ દેશી.

જીનજી મલ્લિ જીનેશ્વર દેવ, અરજ સ્વીકારજોરે લોલ,
" યાચુ તુજ પદ સેવકે, સેવક તારજોરે લોલ.
" તુજ સરીઓ શીર નાથકે, આશા પુરશેરે લોલ,
" તું સમરથ મુજ સાથકે, દોહગ ચુરશેરે લોલ. ૧
" એ મુજ મન અભિલાષ, સફળ તુજ મહેરથીરે લોલ,
" દેવ દયાળ બચાવો, ભવભય કેરથીરે લોલ;
" તુજ દર્શન સુખ દાયક, અમિરસ જાણીએરે લોલ,

,, ગુણ ગણના ભંડાર, દયા દિલ આણીએરે લોલ; ૨
,, નિર્મળ દર્શન દઈ મુજ, કોડ પૂરો સહીરે લોલ,
,, અનુપમ એ લીધા વિણ, હું જાઉં નહિરે લોલ,
,, બાળપણે બ્રહ્મચર્ય, ગ્રહણ કીધું મુંદારે લોલ,
,, પરમપવિત્ર ચરિત્ર એ, જયકારી સદારે લોલ. ૩
,, કુંભ નરેશ્વર નંદ, ફંદ મુજ કાપજોરે લોલ,
,, માત પ્રભાવતિના સુત, શિવ સુખ આપજોરે લોલ,
,, મનોહર મિથિલા નયરે, આપ બીરાજતારે લોલ,
,, કળસ તુણું શુભ લંછન, અતિશય છાજતારે લોલ. ૪
,, ભોયણી ગામે આપ, પ્રગટ જ્યારે થયારે લોલ,
,, તે અવસર તીહાં બહુ, લોકો ભેળા થયારે લોલ,
,, એ વર્ણન સુર નાયક, તે નવ કરી શકેરે લોલ,
,, અદ્ભૂત મહિમા એ તુજ, 'રસીક' હૃદય રખેરે લોલ. ૫

શ્રી મુનિસુવ્રતજીન સ્તવન.

પંથીડા સંદેશો કહેજો મારા નાથને—એ દેશી.

મુનિસુવ્રત જીન અંતરજામી તું ધણી,
સકળ સુરાસુર પ્રભુ તુજ પદ કજ લીનજો;
તે દેખી મુજ મનમા ઉત્કંઠા થતી,
હું પણ નિશ દિન જઇ રહું પ્રભુ આધિનજો—મુનિ. ૧
જેમ જળ વૃષ્ટિ દેખી ચાતક નાચતું,
રવિ ઉદયે જેમ કમળ વિકસ્વર થાયજો;
સુરપતિ દેખત સચિ હેઉ રાચે ઘણું,

તેમ તુજ ભક્તે મુજને હર્ષ ન માયજો-મુનિસુવ્રત. ૨
કર્મ વશે હું મુઝાયો એક ફંદમાં,
મોહ અરિ દળ પ્રબળ દીયે બહુ ત્રાસજો;
તુજ ગુણ ધ્યાનની શ્રેણિ પર હું જ્યાં ચઢું,
અણુતેડયો તે આવી કરે વિનાશજો—મુનિસુવ્રત. ૩
એ ભયથી હું ઉગરવા ભટકયો ઘણું,
સ્થળ સ્થળ દીઠા દેવ અનેક ઉદારજો;
પણ પોતાનુ રક્ષણ જે નવ કરી શકે,
તે બીજાનો કેમ કરે ઉદ્ધારજો—મુનિસુવ્રત. ૪
અતુલ પ્રતાપી અજરામર અરિહંતજી,
દિન દાસની અરજી દિલમાં આણજો;
'રસીક' રહ્યો કરજોડી આપ હજુરમાં,
ભવોદધિ તારક સમકીત દ્યો ગુણ ખાણજો-મુનિસુવ્રત.૫

શ્રી નમીનાથજીન સ્તવન.

જગપતિ નાયક નેમીજીણંદ દ્વારિકા નગરી સમોસર્યા—એ દેશી.

જીનપતિ શ્રીનમી જીન જગભાણ, સુરપતિના પતિ સાંભળો,
,, મિથ્યાતમ હરનાર, કોઇક પુન્યે તું મળયો;
,, તું ચિંતામણિ તુલ્ય, કામકુંભ સુરતરૂ સમો;
,, કામધેનુ પયપુર, તે સમ મુજ મનમાં રમો. ૧
,, અખૂટ રિધ્ધિ તુજ પાસ, દાસ પ્રતિ કરૂણા કરી;
,, આપો જો તીલમાત્ર, તો થઉં તુજ બરાબરી;
,, કરૂણા સાયર આપ, દેતાં અલ્પ ન ખુટશે;

" હોઈશ હું ધનવંત, દારિદ્ર મ્હારૂં તૂટશે, ૨
" તે તુમને ધન્યવાદ, સેવક આપ જીસ્યો બને,
" પડતાં સૂર પ્રતિબીંબ, જળ જેમ આપ કરો મને;
" જ્ઞાયક છો સહુ ભાવ, તો ઝાઝુ હવે શું કહું;
" નેહનજર તુજ થાય, તો અવિચળ પદવી લહું. ૩
" માત પીતા સુત ભ્રાત, ભવોભવ મેં કીધાં ઘણા;
" કોઈ ન કીધી સાર, હવે શરણે છું તુમ તણા;
" જીવ જીવન આધાર, તાત વડો તું માહરે,
" આ અરજી દિલ ધાર, તો મુજ ભવભય નિસ્તરે. ૪
" વિજયરાય કુળચંદ, ભવિજન મન જલધિ ભણી,
" જીનપતિ વપ્રાસુત સુખકંદ મિથીલા નયરીના ધણી;
" ઉદયથી આપી લહેર, શિવપૂર પંથ શરૂ કર્યો;
" મુજ પર કરજ્યો મહેર, 'રસીક' એ આશાથી ભર્યો. ૫

શ્રી નેમનાથજીન સ્તવન.

સિધ્ધાચળ શિખરે દીવોરે—એ દેશી.

" શામળીઆ રથડો વાળોરે. સમુદ્ર વિજયના સુતભલા.
કહે રાજેમતિ કર ઝાલોરે. "
હું અષ્ટ ભવાંતર નારીરે. "
શું છોડી ગયા ગિરનારીરે. " ૧
પશુઓ પર કરૂણા આણીરે. "
જીનરાજ દયા ગુણ ખાણીરે. "
કાંઇ દાઝ નહિ દિલ આવીરે. "

દિન દાસને તરસાવીરે " ,, ૨
નવમે ભવ નેહ જણાવીરે. ,,
રાજુલને સુખી બનાવીરે. ,,
પ્રભુ મ્હારૂ ત્હારૂ નવ ધારોરે. ,,
તો મુજને કયમ ના તારોરે. ,, ૩
હું તુજ આશાએ બેઠોરે. ,,
તજી આપ ગયા મને હેઠોરે. ,,
તો પણ તુજ સ્મરણ ન ત્યાગુરે. ,,
ભવોભવ તુજ દર્શન માગુરે. ,, ૪
યદુકુળના ભૂષણ પ્યારારે. ,,
સહુ જીવને સમ ગણનારારે. ,,
બ્રહ્મચારી પરમ ઉપગારીરે. ,,
હવે દાસ 'રસીક'ને તારીરે. સમુદ્ર વિજયના સુતભલા. ૧

શ્રી પાર્શ્વનાથજીન સ્તવન.

કેતકી જાયના ફુલ મંગાવી–એ દેશી.

સુરનર સેવીત જગ જયકારી,
સમદૃષ્ટિ જીનરાજજી;
રાયરંક સહુ સરીખા જાણો,
તો સારો મુજ કાજજી. સુરનર ૧
ધરણ સુરેશ્વર તુજ ગુણ લીનો,
ભક્તિ કરે ધરી ભાવજી;
કમઠાસુર ઉપસર્ગ કરે,

પૂર્ણ કરે નીજ દાવજી. સુરનર. ૨
તુલ્ય વૃત્તિ તે બેઉપર ત્હારી,
સહુ જીવપર તીમ રાખોજી;
તો પણ હું શરણાંગત ઉપર;
નેહ નજર વધુ નાંખોજી. સુરનર. ૩
વળી ઉપકાર કરી યાદવની,
જરા તે દુર નિવારીજી;
અશ્વસેન વામા સુત મ્હારી,
વિનતી લ્યો સ્વીકારીજી. સુરનર. ૪
પાર્શ્વનાથ પ્રભુ અંતરજામી,
પરમાતમ પરમેશજી;
'રસીક' સ્તવન કરી તુમ પ્રતિ યાચે,
કાપો ભવભય કલેશજી. સુરનર. ૫

શ્રીમહાવીરજીન સ્તવન.

અજીત જીણંદશું પ્રીતડી—એ દેશી.

વર્ધમાન જીનરાજજી,
નમુ પ્રીતે હો જગજીવન દેવ;
અજરામર અરિહંતજી,
ચહે સુરનર હો તુજ ચરણુની સેવ. વર્ધમાન. ૧
કરજોડી વિનતી કરૂં,
મુજ ઘેર્યો હો ક્રૂર આર કષાય;
આપ વિના કોણ ઉધ્ધરે;

સેવકને હો નથી કોઇની સ્હાય. વર્ધમાન. ૨
તરણ તારણ ત્રિભૂવન પતિ,
દીનબંધુ હો કરૂણા રસ ધામ;
બિરૂદ ધરાવો એહવું,
તો તારો હો શિવ સુંદરી શ્યામ. વર્ધમાન. ૩
દોષ અઢાર રહિત પ્રભુ,
એક તુજવિણ હો નથી અવરની આશ;
ચરણ કમળની ચાકરી,
નીત કરવા હો અતિશય ઉલ્લાસ. વર્ધમાન ૪
આણંદ કામ શ્રાવક વળી,
ગણનાયક હો ગૌતમ ગુણવાન;
આપ પસાયે 'રસીક' લહ્યું,
બોધિ બીજ હો અનુપમ ગુણખાણ. વર્ધમાન ૫

ઇતિશ્રી ચોવીશી સંપુર્ણ.

શ્રીસિધ્ધાચળજીનું સ્તવન.

સારૂ સારૂંરે સુરત શહેર મુંબાઇ અલબેલી—એ દેશી.

મનમોહન સુંદર શ્યામ સિદ્ધાચળ જઇએ,
જ્યાં સફળે કાજ તમામ ઇચ્છિત સુખ લઇએ,
ત્રણ ભુવનમાં અનુપમ સોહે,
સર્વ તીરથ શીરતાજરે,
એ ગિરિવરને ભેટી બહુ જન;
પામ્યા શિવપુર રાજ. સિદ્ધાચળ. ૧

નંદન વન સમ શીતળ છાયા,
ભવિજનને હિતકારરે,
સુરનર સઘળા ભાવ ધરીને,
સેવે નિત્ય સુખકાર. સિદ્ધાચળ. ૨
આદિકરણ શ્રી આદિ જીનેશ્વર,
મરૂદેવીના નંદરે,
પુર્વ નવાણુ એ ગિરિપર આવ્યા,
ધરતા પરમાનંદ. સિદ્ધાચળ. ૩
એમ ઘણા તિર્થંકર મુનિવર,
નરપતિ ચક્રિ અપારરે,
સાધન ગિરિવર ભાવે ભજતાં,
પહોચ્યા ભવોદધિ પાર. સિદ્ધાચળ. ૪
રઘુકુળ ભૂષણ રામચંદ્રજી,
પાંડવ પાંચ પ્રસિદ્ધરે,
દેવકીનંદન આદે અનંતા,
અજરામર સુખ લીધ. સિદ્ધાચળ. ૫
અદ્‌ભુત મહિમા એ તીરથનો,
કહેતા નાવે પારરે,
'રસીક' સ્મરણ ગિરિવરનુ કરતાં,
હોવે ભવ નિસ્તાર. સિદ્ધાચળ. ૬

શ્રીગિરનારજીનું સ્તવન.

મત જાઓરે પ્રીયા તુંજ વારૂંગી—એ દેશી.

આરે ધન્ય દિવસ ધન્ય આજ ઘડી,

ગિરનાર ગિરિપર નજર પડી;
રાજેમતિ રમણિ તરછોડી,
શિવ વધુ સાથે ચિત્ત જડી. ગિરનાર. ૧
યાદવકુળ અવતંસ નગીનો,
નેમ પ્રભુ અહીં આય ચડી. ગિરનાર. ૨
દિક્ષા કેવળ લહી શીવ પહોંચ્યા,
કર્મ સુભટકી સાથ લડી. ગિરનાર. ૩
એમ એ જીનના તિન કલ્યાણક,
હોય ઈહાં એહ ભુમી બડી. ગિરનાર. ૪
સહસા વનની અદ્ભુત રચના,
નવરંગી મુજ હૃદય અડી. ગિરનાર. ૫
નંદન વન સરખી સુખદાયક,
સુરભી છાયા આય ખડી. ગિરનાર. ૬
અનુપમ એ ગિરિરાજ નીરખવા,
લાગી મુજ મન હોંશ ઝડી. ગિરનાર. ૭
રસિક,' રટણ એ તીર્થનું કરતાં,
મુક્તિ પ્રિયા દે ફુલ છડી. ગિરનાર. ૮

શ્રીતારંગાજીનું સ્તવન.

મલ્લિ જીનેશ્વર અરચીત કેશર—એદેશી.

સકળ તીર્થને વાદે જીતી,
શિખર ગયું આકાશજી;
ગગનમાં એમ મલકાતી દીસે,

અનુપ ધ્વજા સુપ્રકાશ.
એ ગિરિ જઇએજીરે,
સફળે અંતર આશ. પાવન થઇએજીરે. ૧
તારંગા શુભ નામ છે એહનું,
જ્યાં પ્રભુ અજીત બીરાજેજી;
અદ્ભુત જીન પ્રાસાદ નિહાળી,
અમર વિમાન તે લાજે. એ ગિરિ. ૨
ઉર્ધ્વપણાંમ ગગન હરાવ્યું,
એ સમ અવર ન કોયજી:
ભવ્ય છબિ જીનરાજના દીસે,
સર્વથી મોટી હોય. એ ગિરિ. ૩
એ સુવિશાળ જીનાલય બાંધ્યું,
રાયકુમાર ભુપાળેજી;
ભાવ ધરીને દર્શન કરતા,
ભવિજન પાપ પ્રજાળે. એ ગિરિ. ૪
એ ગિરિરાજ તણી બલિહારી,
કહેતા નાવે પારજી;
આજ આપણે સર્વ મળીને,
પ્રીતમ હ્રદયાધાર. એ ગિરિ. ૫
જીવ્યા પણ જોયું નહિ જગમાં,
કહેવત સર્વ ઉચ્ચારેજી;
'રસીક' તીર્થ શોભા સાંભળતા,
હોંશ થઈ મન મ્હારે. એ ગિરિ. ૬

શ્રી આબુજીનું સ્તવન.

આવો આવો જસોદાના કંથરે અમઘેર આવોરે-એ દેશી.

પ્રીતમજી ચતુર સુજાણ, આબુજી જઇએરે,
ગિરિ દર્શન કરી ગુણખાણ, પાવન થઇએરે;
દેલવાડે ભુવન દોય, અદ્ભુત સોહેરે;
કરી અનુપમ રચના સોય, જગજન મોહેરે. ૧
પ્રભુ આદિ જીણંદ પ્રાસાદ, કોરણી ભારીરે,
કરે મંત્રી વીમળશાવાદ, તીર્થ સ્થળ ધારીરે;
કરી શાસન સુરીએ સ્હાય, વિજયશ્રી વરીઆરે,
વાદી મુખ વીલખા થાય, દામથી ભરીઆરે. ૨
મનોહર એક જીન મંદીર, પોતે કરાવ્યુંરે;
સુંદર નકશી સહુરથીર, સુરાલય આવ્યુરે;
ધન જોરૂને સુત ઘર જાય, અચળ નહિ એકેરે;
કરે અમર નામ નિજ આમ, ધર્મના ટેકેરે. ૩
રૂડા નેમી પ્રભુનો વિહાર, કરાવ્યો જેણેરે;
થયો અમર કિર્તિ વિસ્તાર, ધન્ય બહુ તેનેરે,
નામે વસ્તુપાળ તેજપાળ, બાંધવ બેઉરે,
એવા ધર્મ સુધીરના નિત્ય, ભામણા લેઉરે. ૪
કરે અપુર્વ ગોખલા દોય, ભ્રાતની નારીરે,
એની શોભા સુખકર હોય, બાંધણી સારીરે;
અવચળ ગિરિવર આબાદ, ઉપર છાજેરે;
એક રમણિય જીન પ્રાસાદ, નાથ બીરાજેરે. ૫
ઉપર જીનાલય એક, ચૌમુખ દીસેરે,

જે જોતાં આનંદ છેક, મનડું હીંસેરે,
મને હૈયે ઘણી ઘણી હોંશ, એ ગિરિ જોવા;
તીંહા ભેટુ 'રસીક' જીણંદ, પાતીક ધોવારે. ૧

સમેતશિખરજીનું સ્તવન.

તપશું રંગ લાગ્યો—એ દેશી.

સમેતશિખર ગિરિ વંદીએરે,
મનોહર તીરથ જેહ. સુંદર શામળીઆ.
તીર્થંકર વીસ શિવ વર્યારે,
વર્તમાન ગુણ ગેહ. સુંદર શામળીઆ. ૧
વીસ ટુંકો રળિઆમણીરે,
જ્યાં જીનવરના પાય. સુંદર શામળીઆ.
ઉલ્લસિત હ્રદયે વાંદતારે,
કર્મ નિર્જરા થાય. સુંદર શામળીઆ. ૨
અનુપમ એક સોહામણોરે,
શ્રીજીનનો પ્રાસાદ. સુંદર શામળીઆ.
શિખર ધ્વજા ગગને ઉડેરે,
કરતી વાદ વિવાદ. સુંદર શામળીઆ. ૩
પાર્શ્વનાથ ભગવંતનીરે,
વર્તાવે જય આણ. સુંદર શામળીઆ.
મધૂર મધૂવન દીપતુંરે,
નંદન વન ઉપમાન. સુંદર શામળીઆ. ૪
નિરૂપમ છાયા એહનીરે,

નીરખે આણંદ થાય. સુંદર શામળીઆ,
એમ સુણી મન માહરૂંરે,
તીહાં જાવા લલચાય. સુંદર શામળીઆ. ૫
સંઘ લઇને સાથમાંરે,
આપણ જઇએ ત્યાંય. સુંદર શામળીઆ.
'રસીક' શિખર ગિરિ ફરસતારે,
મનના કોડ પૂરાય. સુંદર શામળીઆ. ૬

શ્રી અષ્ટાપદજીનું સ્તવન.

મારે આજની ઘડી રળિઆમણીજો—એ દેશી.

વહાલા આજે ઉમંગ મનમાં થયોજો,
પ્રભુ દર્શને મન લલચાયજોરે લોલ;
વહાલા તીરથ ભેટયા મેં ઘણાજો,
ગિરિ અષ્ટાપદ દિલ જાયજોરે લોલ. વહાલા આજે. ૧
વહાલા પ્રથમ જીણંદ મુગતિ વર્યાજો,
લહ્યું રાવણે જીનપદ સારજોરે લોલ;
વહાલા ગૌતમ સ્વામીએ બુઝવ્યાજો,
દઈ લબ્ધે તપાસને આહારજોરે લોલ. વહાલા આજે. ૨
વહાલા ચક્રિ ભરત ભૂપે કર્યોજો,
મન મોહક જીન પ્રાસાદજોરે લોલ,
વહાલા ચોવીસ જીન બિંબ સ્થાપીઆજો;
જે જોતાં થાયે અલ્હાદજોરે લોલ. વહાલા આજે. ૩
વહાલા એ ગિરિનો મહિમા બહુજો,

મેં શ્રવણ કર્યું બહુ વારજોરે લોલ;
વહાલા તનમાં તલાલિનતા ઘણીજો,
પણ કેમે પડે નહિ પારજોરે લોલ. વહાલા આજે. ૪
વહાલા શ્રી વિતરાગની મહેરથીજો,
કરે શાસન સુરનર સહાયજોરે લોલ;
વહાલા તો એ 'રસીક' ગિરિ ભેટીએજો,
જેથી શિવપૂર સન્મુખ થાયજોરે લોલ. વહાલા આજે. ૫

વીસ વિહરમાન જીનનું સ્તવન.

આદી તે અરિહંત અમ ઘેર આવોરે—એ દેશી.

વિહરમાન ભગવાન શિવસુખ રસીઆરે,
પ્રભુ આપ વસ્યા બહુ દુર મુજ મન વસીઆરે;
જેમ સાયરને ચંદ પ્રિત ધરાવેરે,
દૂર વસતા સજજન સ્નેહ ઝટ સ્મરીઆવેરે. ૧
શ્રી સિમંધર દેવ વિનતી કરીએરે,
પ્રભુ નિર્મળ આપનું ધ્યાન અહનીંશ ધરીએરે,
યુગમંધર જીનરાજ બાહુ સુબાહુરે,
જગજીવન દેવ સુજાત તુમને ધ્યાઉંરે. ૨
સ્વયં પ્રભુ સુખકાર આણ તમારીરે,
પ્રભુ વૃષભાનન દુઃખ ટાળ તુજ બલિહારીરે;
અનંતવિર્ય પ્રભુ સુર તુજ પદસેવારે,
કરી કરૂણા દેવ વિશાલ દ્યો શિવ મેવારે. ૩
વજ્રંધર મહાભાગ બહુ ગુણ ભરીઆરે,

પ્રભુ ચંદ્રાનન મુજ તાર દયાના દરિઆરે;
ચંદ્રબાહુ અરિહંત ભાવે ભજીએરે,
પ્રભુ ભુજંગનાથનો સાથ કદીય ન તજીએરે. ૪
ઇશ્વર નેમીજીન અંતર્યામીરે,
પ્રભુ વીરસેન મહાભદ્ર કહું શીરનામીરે,
દેવજસા દ્યો મુજ દર્શન પ્યારૂંરે,
પ્રભુ અજીતવીર્ય આધાર ભવજળ તારૂરે. ૫
અઢીય દ્વીપમાં પાંચ માહાવિદેહેરે,
પ્રભુ કરતા બહુ ઉપગાર વીચરી સ્નેહેરે;
કર્મ વશે હું દુર ભરતમાં વસીઓરે,
પ્રભુ કામ ક્રોધ મહા ક્રૂર સર્પે ડસીઓરે. ૬
મુજ સરીખા બહુ દાસ તુમને યાચેરે,
પ્રભુ તુજ વિણ મહારૂં મન બીજેન રાચેરે;
અવિચળ સુખ દાતાર મુજને આપોરે,
પ્રભુ 'રસીક' અચળ આવાસ ભવ ભય કાપોરે. ૭

અથ શ્રી ગુંહળી પ્રારંભ.

શ્રી મુનિ આગમનની ગુંહળી.

સરસત સ્વામીને વીનવું—એ દેશી.

સફળ દિન આજનો જાણીએ,
સફળ થયા સહુ જે કાજરે;
ઓચ્છવ રંગ વધામણા,
ગુરૂજી પધાર્યાં છે આજરે. ૧
ઘર ઘરે તોરણો બાંધીઆ,
મંડપ રચીઆ છે સારરે,
સંઘ સામૈયુ ભાવે કર્યું,
મળીઆ બહુ નરને નારરે. ૨
મધુર વાજીંત્ર મંગાવીઆ,
સ્ત્રી ગાવે મંગળ ગીતરે,
જય જય ધ્વની કરી ચાલતા,
આનંદ વર્ત્તે છે ચિત્તરે. ૩
વિવિધ સામગ્રી સઘળી સજી,
હયગય લાવ્યા છે પૂરરે,
નોબત ગડગડી ગાજતી,
સુંદર શરણાઈ સુરરે. ૪
નગરના ચોકમાં આવીઆ,
જોવાને મળીઆ છે લોકરે.

"અજબ આ ઠાઠને દેખતાં,
ઉપજે છે હર્ષનો થોકરે." ૫
અન્ય ધર્મી એમ બોલતાં,
સરળ સ્વભાવી છે જેહરે,
અનુક્રમે આવ્યા ઉપાશ્રયે,
'રસીક'ને ગુરૂપર છે સ્નેહરે. ૬

શ્રી નવપદજી મહારાજની ગુંહળી.

પહેલે ભવે એક ગામનોરે—એ દેશી.

સુખ દાયક સિદ્ધ ચક્રનેરે, ભજીએ ધરી ઉલ્લાસ,
અનુપમ મહિમા એહુનોરે, ગાતાં સફળે આશરે.
સજની-ધરીએ નવપદ ધ્યાન,
તન મન કરી એક તાનરે. સજની-ધરીએ. ૧
પહેલે પદ અરિહંતજીરે, અજરામર નિકલંક,
અદ્ભૂત અતિશય સોહતારે, સમદૃષ્ટિ ભગવંતરે.
સજની-ધરીએ. ૨
બીજે સિદ્ધ ગુણી નમુરે, સાદિ અનંત નિવાસ,
અષ્ટ કર્મ ટાળી થયારે, સ્વરૂપ રમણ સુવિલાસરે.
સજની-ધરીએ. ૩
આયરીઆ ત્રીજે પદેરે, ગુણ છત્રીસ નિધાન,
શુદ્ધ પ્રરૂપક શાસ્ત્રનારે, ચરણ કરણ સવધાનરે.
સજની-ધરીએ. ૪
પાઠક ચોથે જાણીએરે, વાદી શીર મણિ જેહ,

જ્ઞાન દાન દઈ મૂર્ખનેરે, પ્રશ્ન કરે સસનેહરે.
સજની-ધરીએ. ૫

પ્રથમ પદ મુનિરાજનેરે, પ્રેમે કરીએ પ્રણામ,
વિષય કષાય નિવારીનેરે, રમતા આતમ રામરે.
સજની-ધરીએ. ૬

શુદ્ધ દેવ ગુરૂ ધર્મનુંરે, થાયે દ્રઢ શ્રદ્ધાન,
મિથ્યા ભ્રમ દૂરે ટળેરે, તેહીજ સમકીત જાણરે.
સજની-ધરીએ, ૭

સદસદ્ વસ્તુ સ્વરૂપનેરે, દર્શાવે તેહ જ્ઞાન,
જ્ઞાનોદયથી આતમારે, નિર્મળ સ્ફટીક સમાનરે.
સજની-ધરીએ. ૮

ભવ સાયરથી ઉદ્ધરેરે, સંયમ પ્રવહણ તુલ્ય.
સુર નરપતિ સેવા કરેરે, તે ચારિત્ર અમુલ્યરે.
સજની-ધરીએ. ૯

કર્મ કાષ્ટને બાળવારે, અગ્નિ સમ તપ તેજ,
અચળ પ્રભાવ છે એહનોરે, હીતકર અખુટ અવેજરે.
સજની-ધરીએ. ૧૦

આસો ચૈતર માસમાંરે, તન ધન શક્તિ પ્રમાણ,
આંબિલ તપ કરી ઉજવોરે, નવપદ 'રસીક' સુજાણરે.
સજની-ધરીએ. ૧૧

શ્રી પર્યુષણ પર્વની ગુંહુળી.

વીર કુંવરની વાતડી કેને કહીએ—એ દેશી.

આવ્યા પજ્જુસણ પર્વ આનંદકારી,
હાંરે મુનિ દેશના દે બહુ સારી,
હાંરે મોટે થોકે મળી નરનારી,
હાંરે સાંભળવા જાય. આવ્યા. ૧

સર્વ વિધે એહ પર્વને જે આરાધે,
હાંરે તેતો આતમ કારજ સાધે,
હાંરે વળી ઉત્તમ શિવ સુખ લાધે;
હાંરે એમાં નહી સંદેહ, આવ્યા. ૨

દયા સહીત જે ધર્મ જીનવર બોલે,
હાંરે નહી અન્ય ધરમ તસ તોલે,
હાંરે ભવિ પામ્યા અતિ પુન્ય મોલે,
હાંરે કરો શુભ ઉપયોગ. આવ્યા. ૩

દાન દયા તપ આદરો ભવિ પ્રાણી,
હાંરે તજો ક્રોધ ક્ષમા દિલ આણી,
હાંરે એહવી જીનરાજની વાણી,
હાંરે સમતા રસ પૂર. આવ્યા. ૪

કલ્પસૂત્ર વાજી પારણું ઘર લાવો,
હાંરે મુક્તાફળે તેહ વધાવો,
હાંરે ભલી શુકલ ભાવના ભાવો,
હાંરે દઇને એકતાન. આવ્યા. ૫

છઠ્ઠું અઠ્ઠમ ઉપવાસથી દિલ દમીએ,
હાંરે સમતા સુંદરીશું રમીએ,

હાંરે સંસાર માંહે નવી ભમીએ,
હાંરે નાણી કહે એમ. આવ્યા. ૬
થાળ ભરી મુક્તાફળે કંચનનો,
હાંરે કરો સ્વસ્તિક ચૌગતિ હરણો,
હાંરે મીટે તાપ 'રસીક' તનમનનો,
હાંરે વર્તે જયકાર. આવ્યા. ૭

શ્રી કલ્પસૂત્રની ગુંહુળી.

ઓ ભવી પ્રાણીરે સેવો—એ દેશી.

સાંભળ સજનીરે મારી,
ધન્ય દિવસ ઘડી આજની સારી,
કલ્પસૂત્રનોરે લ્હાડો,
તપ જપ કિરીયામાં દિન કહાડો. સાંભળ. ૧
ગુરૂની ભક્તિરે કીજે,
ભાવે વચન સુધારસ પીજે,
અનુપમ અવસરરે આવો,
ધન ખરચીને લેવો લહાવો. સાંભળ. ૨
કલ્પસૂત્રનેરે લાવી,
મનોહર સ્થાને તે પધરાવી,
પ્રેમે પૂજનરે કરીએ,
જેથી જન્મ મરણ દુઃખ હરીએ. સાંભળ. ૩
જેમ શશી સૂરનેરે વૃષ્ટિ,
કરે જગજન પર કરૂણા દૃષ્ટિ,

તેહુથી મહિમારે જેનો,
અનહદ છે ઉપગાર એહનો. સાંભળ. ૪
કલ્પ તરૂ સમરે આપે,
કનકાચળ પેરે દારિદ્ર કાપે,
ગંગ પ્રવાહનીરે સરખી,
વૃત્તિ ઉદાર એ સૂત્રની નીરખી. સાંભળ. ૫
લળી લળી પ્રણામોરે રંગે,
લઈ મુક્તાફળ અતિ ઉમંગે,
હરખે વધાવીરે ફરીએ,
'રસીક' સૂત્ર ગુણ નિત્ય સમરીએ. સાંભળ ૬

શ્રી મહાવીર સ્વામીના નીશાળ ગયણાની ગુંહળી.

ગુલાબવાડી ચૌટા વચ્ચે રોપીરે—એ દેશી.

સાહેલી તું સાંભળ મારી વાતરે,
રજની વીતી ઉઠ થયું પરભાતરે,
વીર પ્રભુ નિશાળે ભણવા જાયરે,
જય જય મંગળ શબ્દો ત્યાં ઉચરાયરે. ૧
સામૈયું લઇ સિદ્ધારથ નૃપ ચાલેરે,
સ્વજન સંબંધી સાથે મનમાં મ્હાલેરે,
ઢોલ દદામા ભુંગળ ભેરી વાજેરે,
દેવ દુંદુભિ અંબર માંહી ગાજેરે. ૨
નોબત ડંકો સરણાઈના સુરરે,
વિધ વિધ વાજીંત્રો બહુ આનંદ પુરરે,

વાજાં બોલે જીનજીનો જયકારરે,
દીર્ઘાયુષી થાઓ પ્રાણાધારરે. ૩
હયગય પણ હર્ષરવ કરતાં ડોલેરે,
રથના પૈડા ઝણુનન ઝણુનન બોલેરે,
એવો ઉત્તમ સામૈયાનો ઠાઠરે,
તે જોવાને બહુ જન બેઠા હાટરે, ૪
તેથી ઝટપટ થાને તું તૈયારરે,
કરમાં કુમકુમ ને મુક્તાફળ હારરે,
તે સામગ્રી લઇને આપણ ચાલોરે,
પ્રભુને વધાવી કર્મ કાષ્ટને બાળોરે. ૫
બાળક મિત્રો બીજા પણ બહુ સાથરે,
જાય નિશાળે પાટી લઇને હાથરે,
અવધિજ્ઞાનથી ઇંદ્રે જાણ્યું એહરે,
કરે પરિક્ષા બ્રાહ્મણ રૂપે તેહરે. ૬
ત્રિજ્ઞાને પ્રભુ ઉત્તર સઘળા આપેરે,
ધન્યવાદ દઈ જગમાં કિર્તિ સ્થાપેરે,
પ્રભુના ગુણ દેખીને શિક્ષક રાચેરે,
રત્ન રાશિને 'રસીક' વાણીથી યાચેરે, ૭

શ્રી સંવત્સરી ખામણાની ગુંહળી.

જાત્રાનવાણું કરીએ સલુણા—એ દેશી.

સુણ ભવિઆ એક વાતડીરે,
સંવત્સરી દિન આજ. ખમો સહુ જીવને. ૧

શુદ્ધ મને ખમતાં થકાંરે, લહીંએ શિવપૂર રાજ. ખમો. ૨
ક્રોડ વરસ લગી તપ તપેરે, મનથી શલ્ય નજાય. ખમો. ૩
રાગ દ્વેષ વિણુ ત્યાગથીરે, અમરપણું નહી થાય. ખમો. ૪
નિર્મળ મન વચ કાયથીરે, શત્રુ મિત્ર સમ જાણુ. ખમો. ૫
અઠ્ઠમ તપ ખંતે કરીરે, ધરીએ હો શુભ ધ્યાન. ખમો. ૬
ચૈત્ય જુહારી ભાવથીરે, દો યાચકને દાન. ખમો. ૭
તન ધન યુકતે વીસ્તરોરે, જીવદયા ગુણ ખાણ. ખમો. ૮
શક્તિ પ્રમાણે ઉજવીરે, 'રસીક' આજનો દિન. ખમો. ૯
ખમીએ અને ખમાવીએરે, થઈ ગુરૂ-ભક્તે લીન. ખમો. ૧૦

શ્રી સમગ્ર મુનિમહારાજની ગુંહળી.

સંવત એક અઠસંતરેરે એ દેશી.

સકળ મુનીશ્વરને નમુરે, શાસનના આધાર;
શુદ્ધ પ્રરૂપક શાસ્ત્રનારે, નિર્મળ ચારિત્ર ધાર;
હો સજની એવા ગુરૂને વંદીએરે,
પુરવ પાપ નિકંદીએરે, પામીએ સુખ અપાર. ૧
આઠે પ્રવચન પાળતારે, રોધે ક્રોધ કષાય;
છ જીવની રક્ષા કરેરે, મુનિકરૂણા દિલ લાય;
હો સજની એવા. ૨
બાહ્યાંતર તપ આદરેરે, આતમ અર્થે ઉદાર;
મધુકર પેરે ગોચરી ગ્રહેરે, તૃષ્ના નહિ તલભાર
હો સજની એવા. ૩
સત્તાવીસ ગુણે કરીરે, શોભે જે મુનિરાજ;

બાહ્ય રહીત ક્રિયા કરેરે, તે જગજન શીરતાજ
હો સજની એવા. ૪

આમ નગર પુર વિચરેરે, દે ઉપદેશ રસાળ;
અમીરસની વૃષ્ટિ કરેરે, બુઝે ભવિ તત્કાળ
હો સજની એવા. ૫

જીન આણા શીરપર ધરેરે, છાંડે વાદવિવાદ;
પરવાદી પ્રતિબોધવારે, આગમ રાખે યાદ
હો સજની એવા. ૬

એવા પરમ પુન્યવંતનીરે, ભકિત કરો નિશદિન;
'રસીક' અચળ પદ પામવારે, થઇએ મુનિગુણ લીન
હો સજની એવા. ૭

શ્રી ભદ્રબાહુ સ્વામીની ગુંહળી.

મારો માંડવડો ભરીએલો ગાજેરે—એ દેશી.

ધન્ય મુનીશ્વર ચારિત્ર ધારીરે,
જ્ઞાન દિવાકર તુજ બલિહારીરે.
ભદ્રબાહુ ગુરૂ મહા ઉપગારીરે.
શાન્ત વદન વાણી સુખકારીરે. ધન્ય. ૧
ચૌદ પૂર્વધર ગુણનિધિ ભજીએરે,
અન્ય કુતર્કી કુગુરૂને તજીએરે,
શ્રુત કેવળી કેવળી સમ જાણોરે,
જીન સમ તેહનું વચન પ્રમાણોરે. ધન્ય. ૨
નયર ભુપ સંભેરીને સમતોરે,

વરાહમીર પાખંડ રમતોરે,
સત્યવાદી ગુરૂ શાસન રસીઆરે,
વાદમાં જીતી આણંદે વસીઆરે. ધન્ય. ૩
જૈન ધર્મ જગમા જસ વાધ્યોરે,
નરપતિએ પણ પંથ એ સાધ્યોરે,
મિથ્યાત્વ વાદી થયું મુખ ઝાંખુંરે;
એવા પ્રભાવક મનમાંહી રાખુંરે. ધન્ય.
ઉઠી પ્રભાતે હરખભર નમીએરે,
તો નિશ્ચય સંસાર ન ભમીએરે,
અંતર અનુભવ પામીને કીધુંરે,
'રસીક' મુનિ ગુણ અમૃત પીધુંરે. ધન્ય. ૫

શ્રી સિદ્ધસેન દિવાકરની ગુંહળી.

વહાલા રહો વેગળારે—એ દેશી.

ધન્ય ધન્ય દિવસ ઘડી આજનીરે,
પધરામણી થઈ ગુરૂરાજનીરે,
એતો પરમ કૃપાળુ મુણિંદરે, સાહેલી ચાલો ગુરૂ
વંદીએરે. ૧
સિદ્ધસેન સૂરી સૂર શોભતારે,
ભવિ પંકજ દર્શને લોભતારે.
એવો દેદિપ્યમાન દેદારરે સાહેલી. ચાલો. ૨
સયંમ હય પર સ્વારી કરેરે,
પ્રભુ આણા ચાબુક કર ધરેરે,

ભવ અટવી ઉલ્લંઘન કાજરે. સાહેલી, ચાલો. ૩
નૃપ વિક્રમને પ્રતિબોધીયોરે,
"જૈનેત્તર" પંથથી શોધીયોરે,
થયો પરમ શ્રાવક ગુણવંતરે. સાહેલી, ચાલો. ૪
પરવાદી બ્રાહ્મણ આવીયારે,
સિદ્ધસેન ગુરૂએ હરાવીઆરે,
એતો ષટ દર્શનના જાણરે. સાહેલી, ચાલો. ૫
તવ કલ્યાણ સ્તોત્ર સુદા ભણેરે,
વિતરાગનો જાપ રૂડો ગણેરે,
ત્યાંતો પ્રગટયા અવંતી પાસરે. સાહેલી
એવા ધર્મ પ્રભાવક વંદીએરે,
જેથી ભવોભવ પાપ નિકંદીએ
વળી પામીએ 'રસીક' સુઠા

શ્રી હરિભદ્ર સૂરી

જનક સુતા હું નાર

ઉઠી પ્રભાતે દેવ સ્તવન
શ્રી પ્રભુ ચરણે શીશ ન
હો ૨
જીનઆણા ધારી ગુરૂ
શુદ્ધ દેવને ધર્મ તત્વ

સંયમ રાગી મુનિ વ

આતમ અર્થે દેહને પોષે, વિકથા દુર નિવારે.
હોસજની એગુરૂને. ૩
અવર જીવ ઉદ્ધારણ કારણ, બોધ અનુપમ આપે,
દુરગતિ પડતા દીન પ્રાણીને, શિવપુર સન્મુખ સ્થાપે,
હોસજની, એગુરૂ. ૪
શ્રી હરિભદ્ર સૂરી ગુણવંતા, વિદ્યા વિનય નિધાન,
સાધવી પઠન વચન સાંભળતા, નષ્ટ થયો અભિમાન,
હોસજની, એગુરૂ. ૫
સહસ્ત્ર શતચાર ચુંવાલીસ, મનોહર ગ્રંથ બનાવ્યા,
સદ્બોધક દાયક, વિવિધ તત્વ દર્શાવ્યા,
હોસજની, એગુરૂ. ૬
ગુણગાતા, જ્ઞાન ક્રિયા ભવિપાવે,
ન પામે, તે અજરામર થાવે,
હોસજની, એગુરૂ. ૭

જની ગુંહળી.

મ પાસે જાજો-એ દેશી.
ધિક ગુણવાન વખાણીએ,
જગતમાં જાણીએ;
થી નિજ આત્મ ઉદય,
ધન્ય. ૧
ધ વિલાસ કરે રંગ,
ધન્ય. ૨

મુનિઓમાં દુર્લભ જેહ ખરે, દઢ સ્નેહી વામા ક્યમ વિસરે,
પણ અદ્દભુત કાર્ય એ મુનીશ કરે. ધન્ય. ૩
"મંત્રીપદ લ્યો" નૃપ હુકમ દીયે, થયું તાત મરણ એ કોણ
લીયે; મનમાં એમ સમજી તે મુનિયે ધન્ય. ૪
વેશ્યા ત્યાગી વેરાગ લીધો, દીન મદન રાજને જેર કીધો,
જગમાં યશનો ડંકો દીધો. ધન્ય. ૫
ચોમાસે ગણિકા ઘર વસીઆ, તે ષટરસ ભોજનના રસીઆ,
સંયમ શુદ્ધિથી નવ ખસીઆ. ધન્ય. ૬
વેશ્યાએ બહુ બહુ યુકિત કરી, કરે હાવભાવ અતિ પ્રેમભરી,
મુનિરાજ ચળ્યા નહિ તેથી જરી, ધન્ય. ૭
ઉલટા બેઠા દઢ ધ્યાન ધરી, તવ તે ગણિકાની મતિ સુધરી,
થઇ 'રસીક' શ્રાવિકા તેજ ખરી. ધન્ય. ૮

શ્રી હેમચંદ્રાચાર્યજીની ગુંહળી.

વારી પ્રભુ દશમા શીતળનાથ કે સુણો એક વિનતિરે
લોલ—એ દેશી.

સખી સુણ. ગુરૂજી પધાર્યા આજ દીવસ રળીઆમણોરે લોલ,
" " સીધ્યા સઘળા કાજ સફળ ભવ આપણોરે લોલ,
" " વહેલી ઉઠ આપણ બેઉ જઇએ વંદવારે લોલ,
" " ગુરૂજી સન્મુખ જન સહુ જાય આનંદમાંરે લોલ,
" " ગુરૂનું નામ છે ઉત્તમ હેમસૂરી ચધારે લોલ.
" " ગુણ ગણ જાસ અનોપમ સુર ગણે તથારે લોલ,
" " પાર ન પામે રસના ક્રોડ કહી કરેરે લોલ;

" " ગાવે ગુણ ગુરૂ યશના તે ભવોદધિ તરેરે લોલ, ૨
" " રાજ કુમાર ભૂપાળ પ્રબોધીને કર્યારે લોલ,
" " જીવદયા પ્રતિપાલ જગતથી ઉદ્ધર્યારે લોલ,
" " જાશે તે શિવઘર ગણધર પદવી લહીરે લોલ,
" " એહવા ઉત્તમ ગુરૂવર મન આણી સહીરે લોલ,
" " પ્રહમા સ્મરણ કરે દુઃખ સહુ દુરે, ટળેરે લોલ,
" " હેડે ધ્યાન ધરે શિવપુર સ્હેજે મળેરે લોલ,
" " અદ્ભુત ગુરૂ સુપસાય દીપક સમ જાણીએરે લોલ,
" " મિથ્યાત્તમ દુર થાય સુગુરૂની વાણીએરે લોલ. ૪
" " પંચ મહાવ્રત પાળે અતિ ઉલ્લાસથીરે લોલ,
" " સુમતિ સ્ત્રીશું મ્હાલે કુમતિ પાસથીરે લોલ,
" " મુક્ત થયા વળી થાશે તે સુખ પામશેરે લોલ,
" " ગુરૂ ગુણ 'રસીક' પ્રકાશે સુર.શીર નામશેરે લોલ. ૫

શ્રી આનંદ વિમળસૂરીની ગુંહળી.

પુજાશ્રી અરિહંતની—એ દશી.

આજ સફળ દિન માહરો
ધન્ય ઘડી સુખકાર સજની;
ગુરૂ આણંદ વિમળ તણી,
કરીએ ગુંહળી ઉદાર સજની;
એહ મુનીશ્વર વંદીએ. ૧
ઉત્કૃષ્ટી તપસ્યા કરે,
વિચરે દેશ વિદેશ સજની;

ધ્યાન ધરે જીનરાજનું,
ધરે મમત્વ ન લેશ સજની. એહ. ૨
ઢુંઢક ઘર ગૌચરી ગયા,
દ્વેષીએ દીધ આહાર સજની;
તુચ્છ વસ્તુ અશક્ય જે,
ખાવી કેમ, અસાર સજની. એહ. ૩
આરોગી બહુ ભાવથી,
પાપી પામ્યો બોધ સજની;
જીન પ્રતિમા પુજક બન્યો,
કરતો ગુરૂ ગુણ શોધ સજની. એહ. ૪
સિદ્ધાચળ ઉપર કર્યો,
કરમાશાએ ઉદ્ધાર સજની;
તે પણ તસ ઉપદેશથી,
એ ગુરૂ 'રસીક' આધાર સજની. એહ. ૫

શ્રી હીર વિજય સૂરીની ગુંહળી.

બહેની મારી, હીર વિજય સૂરી રાયારે,
" " આજ નગરમાં આવ્યારે,
" " પાવન થયું પુર આજેરે;
" " કૃપા કરી ગુરૂ રાજેરે. ૧
" " એ ગુરૂ સમતા ધારીરે,
" " વચન સુધારસ ક્યારીરે,
" " વરસે મેહ સમાણીરે,

” ” દેશના અમૃત પાણીરે. ૨
” ” પંચાચારને પાળેરે,
” ” કુમતિ કદાગ્રહ ટાળેરે;
” ” એવા પરમ પવિત્રરે,
” ” ભવોદધિ તારક મીત્રરે. ૩

” ” અકબ્બરશાહ સુલતાનરે,
” ” મ્લેચ્છ ભુપતિ અજ્ઞાનરે;
” ” બોધ દઇને સુધાર્યોરે,
” ” હીંસા કરતો વાર્યોરે,
” ” દેવ ગુરૂ ઓલખાવીરે,
” ” ધર્મ શુદ્ધ બતલાવીરે,
” ” શાસન શોભા વધારીરે,
” ” તે ગુરૂ મહા ઉપગારીરે. ૫

” ” સર્વ સાહેલી સાથરે,
” ” હેમ થાળ લઈ હાથરે,
” ” મુક્તાફળ ભરી લાવોરે,
” ” હરખે ગુરૂને વધાવોરે. ૬

” ” કરજોડી રહો સામીરે,
” ” ગુરૂ ચરણે શીર નામીરે;
” ” તો વરશું શિવરાણીરે,
” ” એહવી 'રસીક' જીન વાણીરે. ૭

શ્રી વિનય વિજયજી મહારાજની ગુંહળી.

નણદલ લહેરીઓરે—એ દેશી.

ગુરૂજી સાંભળોરે,
હાંરે હું કરજોડી કહું વાતરે;
સાહેબ દયાનિધિરે,
હાંરે તુમે નિ:કારણ જગ ભ્રાતરે ગુરૂજી. ૧
મુજ ઉલટ ઘણીરે,
હાંરે મારે હર્ષ તણો નહિ પારરે,
સુરતરૂ ઘરે ફળ્યોરે,
હાંરે થયું પાવન મારૂં દ્વારરે, ગુરૂજી, ૨
ગુરૂ તુજગુણ ઘણારે,
હાંરે સુર ગણતાં ન લહે અંતરે;
હું કેમ કહી શકુંરે,
હાંરે તુજ ગુણ ગણનો વિસ્તારરે. ગુરૂજી: ૩
તુજ સમ નહિ મળેરે,
હાંરે ઉપગારી જગમાં કોયરે;
જીન પતિએ કહ્યોરે,
હાંરે મને પંથ બતાવો સોયરે. ગુરૂજી, ૪
ભાવે હું ભજુરે,
હાંરે નિશદિન પ્રણમુ તુજ પાયરે;
તો વાંછિત ફળેરે,
હાંરે નિત્ય 'રસીક' ગુરૂ ગુણ ગાયરે. ગુરૂજી. ૫

શ્રી યશોવિજયજી ઉપાધ્યાયજીની ગુંહળી.

આપલડાંરે પાતીકડાં તમે શું કરશો હવે રહીનેરે—એ દેશી.

જ્ઞાનદિવાકર ગુરૂ ગુણવંતા, વાચક જસ વિખ્યાતરે,
શાસન સહાયક નાયક મુનિવર, ખટ દર્શનના જ્ઞાતારે. જ્ઞાન ૧
પરમત વાદી ગજશીર હરિસમ, ન્યાય સુધારસ ભોગીરે,
અબુધ શિષ્ય નવ પલ્લવ કરતા, વૈદ્ય થકી જેમ રોગીરે.
જ્ઞાન. ૨
પુષ્ય મેહ વચનામૃત વરસે, સીંચે જનમન કયારીરે,
ભવસાયરથી ડુબતા તારે, એ ગુરૂની બલિહારીરે. જ્ઞાન. ૩
પંચવિંશતિ ગુણ પાઠક પદના, અદ્ભુત અતિશય વૃંદરે,
શિષ્ય સમુહમાં અધિકા સોહે, જયસ તારામાં ચંદરે. જ્ઞાન. ૪
જીનમત દ્વેષી બ્રાહ્મણ આવ્યા, કરવા વાદ વિવાદરે,
સ્યાદ્વાદ રસપુર સાગર ગુરૂએ, ઉતાર્યો તસ નાદરે. જ્ઞાન. ૫
એહવા પરમ પવિત્ર પુન્યશાળી, અનુપમ ચારિત્ર ધરતારે,
આજ નગરમાં આવ્યા પોતે, પૃથ્વિતળ વિચરતારે. જ્ઞાન. ૬
ધન્ય દિવસ ઘડી આજ અમારે, કનક તણો રવિ ઉગ્યોરે,
વરસ્યો મેહ અમિરસ ધારે, સર્વ મનોરથ પુગ્યોરે. જ્ઞાન. ૭
એમ ઉચરતી સર્વ સાહેલી, ગજ ગતિએ તિહાં આવેરે,
હેમ થાળમાં મુક્તાફળ ભરી, કર સંપુટ ગ્રહી લાવેરે. જ્ઞાન. ૮
ભકિતભાવથી ગુંહળી કરતી, હરખે ગુરૂને વધાવેરે,
પળપળ સ્મરણ કરી એક તાને, 'રસીક' રસીક ગુણ ગાવેરે.
જ્ઞાન. ૯

શ્રી પદ્મ વિજયજી મહારાજની ગુંહુળી.

વીરમને તારો મહાવીર મને તારો—એ દેશી.

સંયમ રસીઆ મુનિ વડભાગી,
બાળપણે દિક્ષા ગ્રહીરે;
મામા ગુરૂ શ્રી ઉત્તમ વિજયે,
યોગ્ય જાણી દીધી સહીરે. સંયમ. ૧
બાર વરસ વય ચારિત્ર લીધું,
શાસ્ત્ર સિદ્ધાન્ત ભણે ઘણાએ,
ધ્યાન ક્રિયા તપ જપ શુદ્ધ ધારે,
મહા ગુણવંત નહિ મણાએ. સંયમ, ૨
પદ્મ વિજય દ્રહ પદ્મ સરીખા,
ભારતિ વાસ વસે સદાએ;
ગ્રામ નગર વિચરે ઉપગારી,
ગ્રંથ નવિન ગુંથે તદાએ. સંચરી. ૩
માત ભગિનીએ બોધ દઇને,
તત્વ બતાવ્યા ધર્મનાએ;
જેહથી મન વૈરાગમાં ભીનો,
પાસ તુટયા કાંઈ કર્મનાએ, સંયમ. ૪
વિવિધ રાસ ભવિજન ઉપગારે,
પરમ ગુરૂ પ્રેમે રચેએ;
'રસીક' તે સુણતાં ભવ ભય નાસે,
પાપારંભથી પણ બચેએ. સંયમ. ૫

શ્રી રૂપ વિજયજી મહારાજની ગુંહળી.

મોહનજીએ મોકલ્યું રે મોસાળું—એ દેશી.

વ્હાલા ગુરૂરાજ સદ્‌ગુણ દરિઆ,
સમતા અમૃત રસ ભરીઆ. વહાલા
સંયમ રમણિના રાગી, તે મહા મુનિવર વડભાગી,
ક્રૂર કુમતિને દુર ત્યાગી. વ્હાલા. ૧
જ્યાં હૃદયમાં શુભમતિ જાગી, ચારિત્રની વીણા વાગી,
ગુરૂ પાસે પ્રેમથી માગી. વ્હાલા. ૨
ગુરૂ આપે દિક્ષા રંગે, વળી આગમ બોધ ઉમંગે,
મુનિ ગ્રહણ કરે ઉછરંગે. વ્હાલા. ૩
નિજ કૂળ સુપુત્ર દિપાવે, તેમ તે ગુરૂ નામ શોભાવે,
કરે શાસન ઉન્નતિ ભાવે. વ્હાલા. ૪
છે રૂપ વિજય જસ નામ, વદે વાણિ અતિ અભિરામ,
ઉપદીશે અવર હીતકામ. વ્હાલા. ૫
સખિ ધન્ય દિવસ ઘડીઆજે, ગિત મંગળ વાજા વાજે,
બહુ ઠાઠ નગરમાં બિરાજે. વ્હાલા. ૬
રૂડો લાવ કનકનો થાળો, ભર મૌકિતક પુંજ રૂપાળો,
ગુરૂ 'રસીક' વધાવવા ચાલો. વ્હાલા. ૭

શ્રી વીર વિજયજી મહારાજની ગુંહળી.

સાંભળરે તું સજની મારી—એ દેશી.

વીર વિજય ગુરૂ વંદન કરીએ, જે જગમાં વિખ્યાતજી,

આગમ અનુભવ પામી પોતે, ષટ દર્શનના જ્ઞાત,
ગુરૂને સ્મરીએજી.
નિષ્કારણ જગભ્રાત-ચિતમાં ધરીએજી. ૧
કંઈક પ્રબળ મિથ્યાત્વી જનને, આપી બોધ રસાળજી,
જીન આણા રસ ભોગી બનાવ્યા, જીવદયા પ્રતિપાળ.
ગુરૂને. ૨
સુજનગરમાં પ્રતિમા દ્વેષી, ઢુંઢક વાદે આવેજી;
ગાડાં ભરી ભરી ગ્રંથો લાવે, મુનિ યુકિતથી હરાવે.
ગુરૂને. ૩
પ્રભુ પુજનનો યશ વીસ્તાર્યો, દ્રોહી થયા મુખ શ્યામજી;
છાના છપરા મુંગે મોંઢે, ત્યાંથી નાઠા તમામ ગુરૂને. ૪
એહવા મુનીશ્વરની બલિહારી, શાસનના આધારજી;
જ્ઞાન ધ્યાન ક્રિયા સાધંતા, 'રસીક' વરે શીવનાર.
ગુરૂને. ૫

શ્રી આત્મારામજી મહારાજની ગુંહળી.

ઉત્તમ ફુળ પુજા કીજે-એ દેશી.

કે ઉત્તમ આજ દિવસ મહારો,
કે સફળ થયો મુજ જન્મારો;
કે ગુરૂનો યોગ બન્યો સારોરે એ ગુરૂજ્ઞાન તણા દરીઆ,
કે સમતાદિક ગુણથી ભરીઆરે. એ ગુરૂ. ૧
કે વિરતિ વનિતાના સ્વામી, કે રત્નત્રયિ રૂડી પામી,
કે પરમપવિત્ર તે જીત કામીરે એ ગુરૂ-સમતાદિક. ૨

કે દોષરહિત દિક્ષા પાળે, કે સતાવીસ ગુણુમાં મ્હાલે,
કે તપ કરી કર્મ મેલ ટાળેરે એ ગુરૂ–સમતાદિક. ૩
કે સહુસ અઢાર શીલાંગ રથે, કે બેઠા મુનિ ઉપદેશ કથે,
કે ભવિ જીવ ઉદ્ધરવાને મથેરે. એ ગુરૂ–સમતાદિક. ૪
કે અતિશય દુઃખ સહ્યા જેણે, કે પણ ધર્મોન્નતિ કરી તેણે,
કે એવા ગુરૂ નીરખ્યા નયણેરે એ ગુરૂ–સમતાદિક. ૫
કે શ્વેતાંબર તપગચ્છ માંહી, કે આવ્યા મુનીશ્વર હરખાઇ,
કે ત્યાગી ઢૂંઢક ધૂર્તાઇરે. એ ગુરૂ–સમતાદિક. ૬
કે જીનપુજન જશ ગવરાવ્યો, કે વિજય વાવટો ફરકાવ્યો;
કે ન્યાયાંભોનિધિ પદપાયો. એ ગુરૂ–સમતાદિક. ૭
કે શ્રીમદ્ વિજયાનંદ સૂરી, કે એવા ગુરૂ ગુણગણ ભુરી,
કે 'રસીક' નિકટ રહે કરજોરી. એ ગુરૂ–સમતાદિક. ૮

નેમવિજયજી મહારાજની ગુંહળી.

મન મંદીર આવોરે કહું એક વાતલડી—એ દેશી.

સુણ શાણી સજનીરે, કહું એક વાત તને;
ઉઠ વીતી રજનીરે, મળી છે ખબર મને,
આજ નગરમાં આવ્યારે, ગુરૂ ગુણના દરીઆ;
બહુ શિષ્યને લાવ્યારે, સુધા સમરસ ભરિઆ. ૧
મારે હર્ષનું ટાણુંરે, કથા કેમ જાય કહી;
થયું મનહર વહાણુંરે, તું ઝટપટ ચાલ સહી;
સુરતરૂ અહિં ફળીઓરે, સખી એમ જાણુ ખરે;
અવસર નથી મળીઓરે, દિવસ કોઈ આજ પરે. ૨

વચનામૃત વરસેરે, કુસુમની વૃષ્ટિ ભલી;
ભવિ ચાતક હરખેરે, પીચે મિથ્યાત્વ ટળી;
ઉપદેશ રસાળોરે, છટા અદ્દભુત ન્યારી,
ગમત ગુણવાળોરે, કે જ્ઞાન સહિત ભારી. ૩
લીંબડી અધિપતિનેરે, બતાવ્યો પંચ ખરો;
બીજા શુભ મતિનેરે, કહે એહ માર્ગ ધરો;
વળતી સખી બોલીરે, તું નામ સુણાવ મને,
સાંભળ ઓ ભોળીરે, જણાવું નામ તને. ૪
સૂરી નેમ વિજયજીરે, કે શાસનના રસીઆ;
મુનિદ્રોહી ભયથીરે, જરાએ નવ ખસીઆ;
લઈ મુકતાફળનોરે, કનક થાળો કરમાં;
ગુરૂ બુદ્ધિબળનોરે, વિચાર ધરી ઉરમાં. ૫
ગજગતિએ આવેરે, સાહેલી સર્વ મળી;
ઉમંગે વધાવેરે. નમાવે શીશ લળી;
મનમાં બહુ રાચેરે, દિવસ ધન્ય આજ તણો;
ગુરૂ ભકતે નાચેરે, 'રસીક' જન હર્ષ ઘણો. ૬

શ્રી હંસવિજયજી મહારાજની ગુંહળી.

એક દિન પીંજર લેય બેઠી સા ગોખડે મારા લાલ—એ દેશી.

રાજનગરમાં આજ દિવસ રળીઆમણો મારા લાલ.
પ્રગટયો દિનકર કનક તણો સોહામણો મારા લાલ
હંસવિજય ગુરૂરાજ પધાર્યા પુરપ્રતિ મારા લાલ
શાન્ત શશિ ગુણ કાન્ત દીસે નિર્મળ મતિ મારા લાલ. ૧

ચાલ સાહેલી આજ એવા ગુરૂ વંદીએ મારા લાલ
ભવ ભ્રમણા દૂર થાય સદા સુખ નંદીએ મારા લાલ
ઉત્તમ માલતિ પુષ્પ સમા ગુણ જેહના મારા લાલ
તજી એવા ગુરૂરાજ ભજે અન્ય દુર્જના મારા લાલ ૨
દે ઉપદેશ રસાળ ભવિક પ્રતિ બોધવા મારા લાલ
મિથ્યાતિ મલ શુદ્ધ કરણ જગ ધોધવા મારા લાલ
ગુણગણતાં નહિ પાર પામે સુર નરપતિ મારા લાલ
ધન્ય ધન્ય તે નરનાર નમે એહવા યતિ મારા લાલ ૩
લઈ હાટકનો થાળ ભરી મુકતાફળે મારા લાલ
ઘોળી કુમકુમ હાથ આવે ગુરૂ આગળે મારા લાલ
હરખે વધાવે મુનીશ સહીઅર સરખી મળી મારા લાલ
પ્રણમે ગુરૂના પાય તેતો સહુ લળી લળી મારા લાલ ૪
ગુરૂ ભક્તિ ઉજમાળ કરે જે જન સહી મારા લાલ
પામે ભવોદધિ પાર એમાં સંશય નહીં મારા લાલ
ગુરૂ આણા જીનઆણ બરાબર માનજો મારા લાલ
એમ કહે જગનાથ 'રસીક' જન જાણજો મારા લાલ. ૫

શ્રી નીતિ વિજયજી મહારાજની ગુંહળી.

શાહેરનો સુબો કયારે આવશેરે—એ દેશી.

ધન્ય દિવસ ઘડી આજનીરે,
સાંભળ તું મુજ વાતરે સાહેલી;
નીતિ વિજય ગુરૂ વંદીએરે,
મુનિવર જે વિખ્યાતરે સાહેલી. નીતિવિજય. ૧

શીષ્ય સમુહ સાથે લઇરે,
આવ્યા નગરમાં જેહરે સાહેલી;
સામૈયું શંઘે કર્યુરે,
ચાલ તું જોવા તેહરે સાહેલી. નીતિ વિજય. ૨
ભવિજનને પ્રતિબોધવારે,
આપે ભલો ઉપદેશરે સાહેલી;
બાળ જીવોને રીઝવેરે,
ત્યાગી પ્રમાદ પ્રવેશરે સાહેલી. નીતિ વિજય ૩
ગુરૂ ભકિત કરતા થકાંરે,
પ્રગટે આનંદ પુરરે સાહેલી;
જ્ઞાન ક્રિયા સહેજે મળેરે,
વિકસીત થાયે ઉરરે સાહેલી, નીતિ વિજય. ૪
હરખે ગુરૂને વધાવીએરે,
લઇ મુકતાફળ હાથરે સાહેલી;
જેથી 'રસીક' સુખ પામીએરે,
વળી શિવપૂરનો સાથરે સાહેલી. નીતિવિજય. ૫

શ્રી સિદ્ધિ વિજયજી મહારાજની ગુંહળી.

શ્રી દર્શન પદ પામે પ્રાણી—એ દેશી.

સાંભળ વાત સખી એક મારી,
જેથી આનંદ થાયરે,
ગુરૂ ગુણ દરિઆ આજ પધાર્યા;
નમતાં પાતીક જાયરે,
એ ઉપગારી મુનીશ્વર ભજીએ. ૧

સિદ્ધિવિજય સમતાના સાયર,
ષટ કાયક પ્રતિ પાળરે;
શુદ્ધપણે ચારિત્રને ધરતા,
છાંડી અવર જંજાળરે. એ ઉપગારી. ૨
દેશ વિદેશ વિચરતા હોંશે,
દે ભવિજનને બોધરે;
જીન વાણી અમૃત રસ ખાણી,
વરસાવે જગ ધોધરે. એ ઉપગારી. ૩
શ્રવણેંદ્રિ પાવન હોય જેહથી,
તે સુણવા તું ચાલરે;
આ અવસર ફરી ફરી નહિ આવે,
જઇએ આપણ હાલરે. એ ઉપગારી. ૪
ધન્ય દિવસ ઘડી આજ સફળ મુજ,
પુજ્યા શ્રી ગુરૂ રાયરે;
'રસીક' ભક્તિએ ગુરૂની કરતા,
મનવાંછીત ફળ થાયરે. એ ઉપગારી. ૫

શ્રી ધર્મવિજયજી મહારાજની ગુંહળી.

'વ્રત સાતમે વિરતી આદરૂ'રે લોલ. એ દેશી.

બહેની ધર્મવિજય ગુરૂ વંદીએરે લોલ,
જે આપે વરસ ઉપદેશજો;
રૂડું ચારિત્ર પાળે પ્રેમથીરે લોલ,
ગામગામે વિચરતા હમેશજો. બહેની. ૧

જપે જાપ જીનેશ્વરનો સહારે લોલ,
તપે શકિત તણુ અનુસારજો;
નિત્ય ક્રિયા કરે શુદ્ધ ભાવથીરે લોલ,
ધરે હર્ષે ઉત્તમ આચારજો બહેની. ૨
શુભ ધ્યાને તલ્લાલિન તે રહેરે લોલ,
રમે શાન્તિ રમાની સાથજો;
શિવ નારિશું દ્રષ્ટિ મેળવીરે લોલ,
તેમ ઉલટ ગ્રહવા હાથજો બહેની. ૩
સખી એવા મુનીશ્વર આવીઆરે લોલ,
મારા મનમાં આણંદની લહેરજો;
આજે પુન્ય ઉદય થયો જાણીએરે લોલ,
થયુ પાવન આપણું શહેરજો બહેની. ૪
ચાલો જઇએ આપણ સઘળા મળીરે લોલ,
ગુરૂજીને વધાવવા કાજજો;
ભવ ભ્રમણા ટળે મુકિત મળેરે લોલ,
એવા ભજીએ 'રસીક' ગુરૂરાજજો બહેની. ૫

શ્રી સુખસાગરજી મહારાજની ગુંહુળી.

હાંરે મારે ઠામ ધરમના સાડા પચવીસ દેશજો-એ દેશી.

હાંરે સખી નગરીમાં આવ્યા છે ગુરૂ ગુણવંતજો,
ભાવ ધરીને ચાલો જઇએ વંદવારે લો;
હાંરે તેતો રત્નત્રયિ આરાધક સદ્ગુણી સંતજો,
જસ મુખ જોતાં દિન જાએ આનંદમાંરે લો. ૧

હાંરે વચનામૃત જેહનું પુષ નક્ષત્રનો મેહજો,
સીંચેરે ભવિજન મનરૂપી ભુમિકારે લો;
હાંરે કરે પ્રફુલીત વિકિસત કમળતણી પેરે તેહજો;
ટાળેરે અજ્ઞાન તિમિર રવિ ઉગતાંરે લો. ૨
હાંરે જસ નામ પ્રમાણે ગુણગણનો નહિ પારજો,
સુખસાગર ગુરૂ સમતાનો નિધિ હું કહુંરે લો;
હાંરે વળી પંચ મહાવ્રત પાળે શુદ્ધાચારજો,
જોતાં મુખ દેદાર ભવિક ઉલસે બહુરે લો. ૩
હાંરે મુજ મનમાં વસિયા ઉત્તમ તેહ મુણિંદજો,
જૈન ધર્મ રૂપ નૌકા ભવજળ તારણીરે લો;
હાંરે તે ચલવે સરળ પંથપર મહામુનિ ચંદજો,
મુક્તિપુરી પહોંચાડે ચોગતિ વારણીરે લો. ૪
હાંરે નિર્લોભી તે મધુકરી ગોચરી લેનારજો,
ઉત્તમ એહવી વૃત્તિ તેહની હેમથીરે લો;
હાંરે જે શુભ ફળદાયક ધર્મ લાભ દેનારજો,
'રસીક' નમે તસ ચરણ કમળ નિત્ય પ્રેમથીરે લો. ૫

મુનિમહારાજશ્રી રત્નવિજયજીની ગુંહળી.

આવોરે આવો પાસજી મુજ મળીઆરે–એ દેશી.

અહો મુનિચંદ સંજમ રસીઆરે,
ભવિજન મન ગગનમાં વસીયા. અહો મુનિ. એ ટેક.
ગુરૂ રત્નવિજય ગુણ દરીઆરે,

સમતા અમૃત રસ ભરીયારે;
વિરતિ વનિતાને વરીયા. અહો મુનિ. ૧
તપ જપ કિરીયાના રાગીરે,
રઢ મુક્તિ રમાશું લાગીરે;
ધન્ય એવા મુનિ વડભાગી. અહો મુનિ. ૨
ધરે ધ્યાન થઈ એકતાનેરે,
જગ ફંદને ફોગટ જાણેરે;
ગુણ ચારિત્રના દિલ આણે. અહો મુનિ. ૩
મધુકર પેરે ગોચરી જાવેરે,
નિર્દોષ આહારને લાવેરે;
વપુ આતમ અર્થે ટકાવે. અહો મુનિ. ૪
અઠ પ્રવચન માતને ધરતારે,
ઉપદેશ ભવિને કરતારે,
ત્રિહુંકાળ જીણંદ સમરતાં. અહો મુનિ. ૫
આનંદે પ્રવૃજ્જા પાળેરે,
સત્તાવીસ ગુણ અજુઆળેરે,
થઈ 'રસીક' મુનીશ્વર મહાલે. અહો મુનિ. ૬

શ્રી આણંદસાગરજી મહારાજની ગુંહળી.

કીજે મંગળ ચાર આજ ઘેર પ્રભુજી પધાર્યા–એ દેશી.
ધન્ય દિવસ ઘડી આજ સખી ગુરૂજી પધાર્યા,
થાય સફળ સહુ કાજ સખી ગુરૂજી પધાર્યાં.

આણંદ સાગર ગુણ રત્નાગર,
શાન્ત વદન મુનિરાજ સખી. ૧
સંયમ શુદ્ધ ધરે ગુણ દરિયા,
વૈરાગી શીરતાજ. સખી. ૨
ભવિજનને ઉદ્ધરવા માટે,
દિલમાં ધરે બહુ દાઝ. સખી. ૩
જીન વચનામૃત જ્યાં વરસાવે,
ભવિ કજ વિકસે ત્યાંજ. સખી. ૪
મૃગપતિ માફક નિર્ભય વિચરે,
શાસન ઉન્નતિ કાજ. સખી. ૫
એ ઉપગારી મુનિ અહીં આવ્યા,
વાંદીએ આજને આજ. સખી. ૬
એવા 'રસીક' મુનિરાજને નમીએ,
તારણતરણ જહાજ. સખી. ૭

શ્રી ઉદય વિજયજી મહારાજની ગુંહુળી.

આવો હરિ લાસરીઆ વ્હાલા–એ દેશી.

મુનીશ્વર સંયમના રસીઆ,
સકળ શાસ્ત્રો દિલમાં ઠસીઆ,
ભ્રમર ભવિ મન કમળે વસીઆ મુનીશ્વર. ૧
મુનીશ્વર આતમના અરથી,
ઉઠાવ્યો મોહ શરિર પરથી;

રમે નિજ ધ્યાને પર ઘરથી મુની. ૨
મુનિપર પરિણતિના ત્યાગી,
હૃદયમાં જ્ઞાનવિણા વાગી;
તલાલિનતા તનમાં લાગી મુની. ૩
મુનીશ્વર જ્ઞાન દાન આપે,
અભણુને બુદ્ધ કરી સ્થાપે:
વિમળ તસ યશ જગમાં વ્યાપે મુની. ૪
મુનીશ્વર પરિસહને સહેતા,
તથાપિ સમતામાં રહેતા;
મધુકર પેરે ગોચરી લેતા મુની. ૫
ભવિકજનને મુનિ સુરગવિએ,
દીવી પથ દેશના દિલ ઠવીએ;
'રસીક' મુનિ ઉદય વિજય સ્તવીએ. મુનીશ્વર. ૬

શ્રી મુનિવિહારની ગુંહળી.

મુનિવર રાજનગરની નાર, શ્રાવિકા સર્વ મળી કહે;
મુનિવર અરજ એક ઊજમાળ, તુજપદ પંકજ નિત્ય ચહે;
મુનિવર તુમ સરખા ગુરૂરાજ, આજ પુરવ પુન્યે મળીયા;
,, સફળ થઈ સહુ આશ, દુરીત સરવ દુરે ટળીયા. ૧
,, દેશના અમૃતધાર, પુષ્કરાવર્ત મેઘાપરે,
,, ભવિજનને ઉપગાર, આપ વીના કોણ ઉચરે;
,, મધુર વચન સુરસાળ, બાળ ઉમંગે શીર ધરે;

,, અરૂણ ઊદય ઊપમાન, હ્રદયકમળ વિકસીત કરે; ૨
,, ચાલ્યો અસાડો માસ, શ્રાવણ હોંસે પુરણ કર્યો;
,, ભાદરવે પણ તેમ, આસો નિરાશાથી ભર્યો;
,, કારતકે કરશે વિહાર, એ ખટકો નિશ દિન રહે;
,, કોણ કહે સદ્‌માર્ગ પાપ પુંજને જે દહે. ૩
,, ખટકાયક પ્રતિપાળ, પરમદયાળ કૃપા કરી;
,, રહો રહો વળી ચોમાસ, વીનતી અમારી ઊર ધરી;
,, ચોને 'રસીક' ઊપદેશ, ફાગણ ચોમાસે રહી;
,, તો પુગે મન આશ, એહુ વિનંતી અમે કહી. ૩

ઇતિશ્રી ગુહળીઓ સમાપ્ત.

'રસીક' વિરચિત પરચુરણ પદો.

શ્રીસિમંધર સ્વામીને વિનંતી.

કવ્વાલી.

પ્યારે જીનવર શ્રી સિમંધર. અર્જ તુજકુ મય કરૂ;
આપકે દર્શન ઉત્કંઠકો, મીન જયું નિશદિન સ્મરૂ. પ્યારે. ૧
કર્મકે આધિન હો કર, દુર રહે હુમ તુજસે;
ચહાતે સાયરચંદ અયસે, ધ્યાન તુજકા મય ધરૂ. પ્યારે. ૨
ધ્યાનમે ગુલતાન હો કર, ભુલ ગયે સબ ફંદકુ;
એક દુષ્કર મોહ મુજપર, આ ગયે મય કયા કરૂ. પ્યારે. ૩
આત્મચક્ષુ જ્ઞાનપર, છારી લગી હે મોહકી;
આપકે દર્શન વિના, કયસી મીટે મય કયા કરૂ. પ્યારે. ૪
મોક્ષદાતા અર્જ સુણકર, દર્શ હુમકુ દીજીએ;
દર્શકે આધાર વિણ, સંસાર કયસા મય તરૂ. પ્યારે. ૫
તું ચિદાનંદ પુર્ણ જ્ઞાની, જાનતે સબ ભાવકુ,
મેરે દીલમે ભાવ અયસે, 'રસીક' શિવ સુખકું વરૂ. પ્યારે ૬

શ્રી સિદ્ધ ભગવંતની સાહબી.

રાગ ગજલ અથવા કવ્વાલી.

ચિદાનંદ સાહબી તેરી, તેરે બીન કોણ જાનતહે;
પ્રભુ સર્વજ્ઞ દેખતહે, મગર કહેતા ન પહોંચતહે. ચિદાનંદ. ૧

કરે વર્ણન કદી જ્ઞાની, કોટી શત કોટી જીંહાએ;
અગર આયુષ્ય દોરીકા, બીચમે અંત આવતહે. ચિદાનંદ. ૨
અજમ સુખ સાહુબી તેરી, અચળ આનંદમે બસતે;
જરા ભય શોકને વ્યાધિ, રહિત હો કર મઝા લેતે. ચિદા. ૩
'અમર' નહિ હે મરણ તુજકો, અનંતા ગુણ તેરા હે;
વિમળ સિદ્ધિ શીલ્લ પર પ્યારે, નમન તુજકુ હમેરા હે.
ચિદાનંદ. ૪
સકળ સુરલોકકે સુખકા, અનંતાનંત જો હોતે;
તેરી ઠકુરાઈકી આગે, જલધિકે બિંદ નવ રહેતે. ચિદાનંદ. ૫
કરી અડ કર્મકી હાની, નિરંજન હો ગયે પ્યારે;
'રસીક' તુજ ધ્યાનસે પાવે, તેરા શિવપુરકે દ્વારે. ચિદાનંદ. ૬

મહિમાવંત બ્રહ્મચર્ય.

રાગ સોરઠ તિલાના.

બ્રહ્મચર્ય મન ધાર ભવિકજન, બ્રહ્મચર્ય મન ધાર,
વિવિધ રત્નમણિ માણેક મોતી,
મુલ્યવાન હે સાર, ભવિકજન.
અનુપમ અમુલ્ય બ્રહ્મ જે ધારે,
તે લહે સુખ અપાર. ભવિકજન. ૧
મનોહર રત્નથી દેહ દીપત હે,
શીયળ આત્મ શ્રંગાર, ભવિકજન.
જીનવર બિંબ જીનાલય કરતા,
કંચન કેરા ઉદ્ધાર ભવિકજન. ૨

બ્રહ્મચારી નર બહુ ફળ પાવત,
આગમ વચન આધાર, ભવિકજન.
સુરનર પણ સેવક થઇ રહેતે,
વ્યાલ હોય ફુલહાર. ભવિકજન. ૩
અનહદ જળ પણ મારગ આપે,
મહિમા અપરંપાર, ભવિકજન.
'રસીક' રત્ન બ્રહ્મચર્યકી તુલના,
કો નહિ જગ કરનાર. ભવિકજન. ૪

અખુટ નિધાન તપ.

શ્રીરાગ તિલાના.

ભાવે હું નમન કરૂં, બેઉ કરજોડી;
કરે જે તપસ્યા નીત્યે, મોહજાલ તોડી. ભાવે. ૧
અપુર્વ છે મહિમા જેનો, સેવે સુર ક્રોડી;
ટળે સહુ વિઘ્નો તપથી, આવે રિદ્ધિ દોડી. ભાવે. ૨
કઠણ કરમ કાઠી, બળે તપ તેજે,
તપસ્વીનુ ધાર્યું થાયે, ફળીભુત સહેજે. ભાવે. ૩
તપસ્યાથી લબ્ધિ સિદ્ધિ, નવનિધિ આવે;
નમુચીને વિષ્ણુ મુનિશ્રી, ભુમિમાં દબાવે. ભાવે. ૪
ધન્ય ધન્ય ધન્નો સાધુ, કરે તપ ભાવે;
વખાણ્યો પ્રભુ શ્રી વીરે, અધિકો જણાવે. ભાવે. ૫
વૃષભ પ્રભુની સુતા, સુંદરી સોહાવે;
કરીને આંબિલ તપ, કાયાને સુકાવે. ભાવે. ૬

ઇત્યાદિ તપસ્વી કેરા, ગુણો જેહ ગાવે;
'રસીક' અનુપ શિવ, સુખ તેહ પાવે. ભાવે. ૭

વિતરાગ પ્રભુનું પારણું.

નાટકી રાગ.

જીણંદરાય પારણીએ ઝુલે,
પારણીએ ઝુલેરે, જીણંદરાય. એ ટેક.
રંગે સુશોભિત સોનાનું પારણું,
હીરા માણેક જડયું ડોલે. જીણંદ. ૧
માંહે નકસીદાર જાળી બનાવી,
અન્ય નહિ તસ તોલે. જીણંદ. ૨
મશરૂ કીનખાબની ગાદી બીછાવી,
ઝુમખા બાંધ્યા બહુ ઓળે. જીણંદ. ૩
ઉંચા રેશમની દોરી બંધાવી,
માતા હાલરીઉ બોલે. જીણંદ. ૪
ઘણું જીવો મારા વહાલા બાલકડા,
સોહે શશિ અમકુળે. જીણંદ. ૫
આજે મનોરથ પુગ્યા હમારા,
હૈયુ હરખથી ફુલે. જીણંદ. ૬
એવા ઉમંગભર માતાજી વદતા,
અવર આનંદને ભુલે. જીણંદ. ૭
ગાતાં 'રસીક' જીનરાજાનું પારણું.
સદ્‌ભાગ્યનું દ્વાર ખુલે. જીણંદ. ૮

દારૂણ ક્રોધાનળ.

રાગ કાફી તાલ દીપચંદી.

ક્રોધ દીયે દુઃખ ભારી, હો પ્યારે ક્રોધ દીયે દુઃખ ભારી;
ઓર દ્રવ્યકુ અગ્નિ પ્રજાળે ક્રોધ દહે નીજ તનકુ;
અશુભ ધ્યાન છિદ્દરમેં ક્રોધી, ડુબાવે નીજ મનકુ હો પ્યારે. ૧
ક્રોધી રાક્ષસ ક્રોધી હીંસક, ક્રોધી ક્રૂર કસાઇ;
ક્રોધ નફટ લાગ્યો જસ પાછળ, ઉનકી મતિ પલટાઇ હો પ્યારે. ૨
ક્રોધે અગણિત તપ ફળ નાસે, કાચ મીલે મણિ સાટે;
ક્રોધ આંસ આલે નીજ તનપર, શિવ તરૂ કંદકુ કાટે હો પ્યારે. ૩
ચંડ કૌશીકે ક્રોધ કરીને, વિષધર દુરગતિ લીધી,
કરૂણા સાયર વીર પ્રભુએ, બુઝવી સદ્‌ગતિ દીધી હો પ્યારે. ૪
સજ્જન સંતો સુનો મેરે ભાઇ, ક્રોધ દીયો દુર ત્યાગી,
ઉપશમ રસ સાગર જીન શરણે, 'રસીક' રહો થઇ રાગી;
હો પ્યારે. ૫

દુઃખદાઈ માન.

રાગ આશા ગોડી.

માન દશા દુઃખદાઈ, મુરખ તજ માન દશા દુઃખદાઈ.
માની રાવણ દસ શીશ વાળો,
રણમાં પડયો પછડાઈ. મુરખ તજ. ૧
મરીચી ભવમાં વીર પ્રભુએ,
માન કર્યો મલકાઈ. મુરખ તજ. ૨

તેથી બહુ સંસારમાં ભમ્યા,
માન છે દુઃખની કમાઈ. મુરખ તજ. ૩
વિદ્યાનું મૂળ વિનયજ જાણો,
માનથી જાય તે ભાઇ. મુરખ તજ. ૪
વિદ્યા પોતે ભવોદધિ તરવા,
માન મઘરકુ હઠાઇ. મુરખ તજ. ૫
'રસીક' હણો અભિમાન ગિરિવર,
રૂજુતા વજ્ર લગાઇ. મુરખ તજ. ૬

કારમી માયા.

રાગ બીહાગ તાલ ઠેકો.

માયા ધુર્ત્તકી પ્યારી જગતમે, માયા ધુર્ત્તકી પ્યારી,
દુર્ગતિ સ્ત્રી વરવા વરમાળા, શાળા મોહકી સારી,
કુશળપણું માયાથી નાસે, લાગે સત્યકુ છારી, જગતમે. ૧
માયાવી જનની મતિ પલટે, સમતા ન રહે ધારી,
યશ વરવા ભટકે બહુ બહુ પણ, અપકિર્ત્તિ હોય કારી. જગ. ૨
માયા વશ મુરખ દુઃખ પામે, દેશ વિદેશ સીધાવે,
વીરલા નર અલગા રહી તેથી, નીજગુણ ભોગી થાવે જગતમે. ૩
કામણગારી માયા નારી, તજી ધર સરળતા ભાઈ,
મલ્લિનાથ સ્ત્રી વેદને પામ્યા, એ માયા ઠકુરાઇ. જગતમે. ૪
દુર્વ્યસનો શત સ્નેહી જેના, દુર્ગતિ દાયક દીઠા,
'રસીક' તજે નહિ માયા તો કયમ, પામે શિવ સુખ મીઠા જગ. ૫

૯

વિષમ લોભ

અથવા

સંતોષ કલ્પ દ્રુમ.

રાગ ભૈરવી તાલ લાવણી.

સંતોષી નર સુખી જગતમાં, અનહદ સંપત્ત પામે;
સાગર સમ સુખમાં સમ રહેવે, બિંદુ અધિક પ્રમાણે,
ચક્રવર્તિ સુરપતિને પણ તે, મનથી તૃણસમ જાણે,
પ્યારા અનહદ. ૧

ક્ષુધાતુર પુર ભોજન ચાહે, જબ નહિ પાસે કાંઇ,
ઉદય થતા મળે કનકની કોડી, તેમ મતિ પલટાઇ;
પ્યારા અનહદ. ૨

એક થકી શત પામ્યો જ્યારે, તવ સહસ્ત્ર મન દોડે,
લખપતિ થાતા ક્રોડની આશે, લોભી નીજ તન તોડે;
પ્યારા અનહદ. ૩

એમ ક્રમે સુઠ રાજ્ય મેળવી, ચક્રિ પદે લીન હોવે;
લાભે લોભ વધે અગ્નિસમ, ખાખ બની સબ ખોવે;
પ્યારા અનહદ. ૪

ષટ ખંડ નાયક સંભુમચક્રિ, પડયો નરકમાં પોતે,
કલ્પદ્રુમ સંતોષ ગ્રહીને, 'રસીક' સુખને ગોતે,
પ્યારા અનહદ. ૫

મન મધુકરની ભ્રમણુતા.

રાગ માઢ તાલ કવ્વાલી.

કાયકુ વ્યર્થ ગુમાવે હો ભ્રમરા, અવસર ફીર નહિ આવત હે.
સ્વપ્ન તુલ્ય સંસારકી બાજી, આંખ ખુલે સબ જાવત હે,
કાયકુ. ૧

દશ દૃષ્ટાંતે દુર્લભ નરભવ, પુરવ પુન્યસે પાવતહે;
ધર્મક્રિયા બિન ફોગટ ખોવે, રત્નસે કાગ ઉડાવત હે,
કાયકુ. ૨

હોય પતંગ જ્યું સાહુબી તેરી, પુન્ય દોર જબ તુટત હે;
ઉઠી ચલે જીવ ભ્રમર બિચારા, રંક બની શીર કુટત હે.
કાયકુ. ૩

વિદ્યુતસે અતિ વેગ તુમારા, ક્ષણુમે બેહદ ચાલત હે,
જાગે બિચારકી નિંદ્રાસે જબ, તેહી બાળદ ઘર ભાળત હે,
કાયકુ. ૪

દેવ નિરંજનકે શરણુમે, અક્ષય સુખ મીલાવત હે;
"રસીક" રહો મન ભ્રમરજી પ્યારે, જીન ગુણ ગુણ ભ્રમણ મીટાવતહે.
કાયકુ. ૫

મન મુસાફરને.

રાગ સીંહાનો કાન્હરો.

મનજી મુસાફર સ્થળ સ્થળ ફીરકે,
પુન્ય દેહકુ કયસી પટકો;
શુભ કર્મોકે વિક્રય કરકે,

નરભવ નગર બહાર જંઈ અટકો, મનજી. ૧
નયર બહાર જંગલ દુ:ખદાયક,
હીંસક પ્રાણી દીયે દુ:ખ ફટકો;
મનુષ્ય ગતિ વિણ ઓર ગતિ વન,
ક્રોધ કષાય ભુજંગ દે ચટકો, મનજી. ૨
મનુષ્ય ગતિમે ક્રોધ દહત હે,
ઠારત હે ઉપશમ રસ મટકો;
જીન વચનામૃત ઉપશમ રસ હે,
એહકુ છોડી દુજે કયઉં ભટકો, મનજી. ૩
જીન આણા રૂપ ધમશાલમે,
નડત નહે કોઈ જાતકો ખટકો;
'રસાક' મુસાફર મુજ મન પ્યારે,
જીન આણા વિણ કાયકુ લટકો, મનજી. ૪

સ્ત્રીઓને શિયળની સાડી.

રાગ કાફી હોરી તાલ દીપચંદી.

બહેની શિયળની સાડી તું સજલે,
સજલે, સજલે, સજલે એરી એરી બહેની એ-ટેક.
એંહી સાડી અતી અદ્ભુત અનુપમ, ઓઢી ધરમકો ધ્વજલે,
હેમહાર મુક્તાફળ નિષ્ફળ, એ ચીર જો કદી તજ લે,
બહેની. ૧
જો વ્યભિચાર હજારીકુ ત્યાગી, બ્રહ્મ મનોહર કજ લે,
સકળ સુરાસુર તુજ પદ સેવક, નક્કી તું મનમાં સમજ લે,
બહેની. ૨

બ્રાહ્મી સીતાદિ એ વસ્ત્ર પહેરીને, અમર થયા સહુ ભજસે,
શીલવતિના ચરણ કમળની, દેવેંદ્રો પણ રજસે બહેની. ૩
શિયળવંતનું નામ સ્મરંતા, પાપ રાશી સબ પ્રજળે;
'રસીક' તજી વ્યભિચાર શ્વાનને, શિયળ સુશોભિત ગજ લે,
બહેની. ૪

ચેતનને સદ્દબોધ.

રાગ ભૈરવ.

ચેતન એક દિન નિશ્ચય જાના, તો ફીર ઉપરસે ક્યોં ન્હાના;
ન્હાકે મનકા મેલ મીટાના, તો તુમ હોગા આતમ રાના,
સાબુ શરીર પર ઘોલ ઘોલકે, ચમડા સાફ બનાયા;
અંતરકા જો મેલ ન જાવે, તો ફીર કયસા ન્હાયા. ચેતન. ૧
હાડ રૂધીરકી કાય કોટડી, છાટ ત્વચાકી લગાઇ,
જીવ મુસાફર ભીતર રહેતે, થોડા દીનકી સગાઇ ચેતન. ૨
રાગદ્વેષ જો મેલ હે મનકા, સમતા જલસે ધોવો,
શૂકલ ધ્યાન રૂપ સાબુ ઘોલકે, આપહી આપકુ જોવો ચેતન.૩
તબહી જ્ઞાન દિવાકર પ્રગટે, જબ મન મેલ મીટાવે,
મુક્તિપુરીકા સ્થિર બંગલા, 'રસીક' કહે તુમ પાવે ચેતન. ૪

ચેતનને સમજુતી.

મજાહ દેતેહે કયા યાર તેરે બાલ ધુઘર વાલે-એ રાગ.

ચેતન સમજ સમજ મન માંહ, અંતે આતમ સુખ છે સાચુ,

તું મોહ્યો કાયા સંગ, બહુ ભુલ કરે અડબંગ;
જેનો સાંજ સરીખો રંગ, તેવી દેહથી શું રાચ્યુ. ચેતન. ૧
જળમાં પરપોટા જેમ, ડાભાગ્રે જળકણ તેમ;
આ જીવતરનો છે નેમ, એવી કાયનું સુખ કાચ્યુ. ચેતન. ૨
પીંપળ ઉપરનુ પાન, જલધિમાં જેવું વહાણ;
જીવીતનું એહુ નીશાન, છોડી મુક્તિને હું યાચ્યું, ચેતન. ૩
તું કર મમતાનો ત્યાગ, આદર પ્રભુજીથી રાગ;
નહિ મળે 'રસીક' આ લાગ, સમજી આત્મ સુખમાં માચ્યુ,
ચેતન. ૪

ભવિને ચેતવણી.

ભલાજી મેરા નેમ ચઢ્યો ગિરનાર—એ રાગ.

ચતુર નર ચેતી લે, તારી જીંદગાની એળે જશે.
સંસાર વનમાં તરૂવર સરીખા,
ક્રોધ માનાદિ ઘણાક વસે. ચતુર નર. ૧
મનમરકટ તે ઉપર કુદે,
ધર્મ ફાળ ચુકવાથી ખસે. ચતુર નર, ૨
પાપ રૂપ વચમાં એક ખાઇ,
માંહે પડ્યો પણ તેતો હસે. ચતુર નર. ૩
પણ ડુબ્યો જેમ નરકમાં જાયે,
હાય હવે મારૂં અહિં શું થશે. ચતુર નર. ૪
જૈન ધર્મનો 'રસીક' આરાધક,
નીજ આતમને ઉદ્ધરશે. ચતુર નર. ૫

સંસાર જુઠો.

સાચો સાહેબ જગ કીરતાર—એ રાગ.

ચેતન જુઠો આ સંસાર, તેમાં સમજીશ નહિ કાંઈ સાર;
સાચુ ધર્મ શરણુ ચિત ધાર, પામ્યો મનુષ્યગતિ આ વાર,
ચેતન. ૧
સંયમ હય પર સ્વાર થઇને, હાથમાં સમતા શસ્ત્ર લઇને,
કર્મરિપુ સંહાર, પામ્યો મનુષ્ય ગતિ આ વાર, ચેતન. ૨
ધર્મ મિત્રની સોબત કરને, જીન વચનામૃત હિતમાં ધરને,
'રસીક' મળે શીવનાર; પામ્યો મનુષ્ય ગતિ આ વાર,
ચેતન. ૩

વીરપ્રભુને વિનંતી.

જાગોરે પીયુ પ્યારારે જગત બધું જાગેરે—એ રાગ.

વીરજી મને તારોરે, અરજ અવધારોરે,
નરક નીગોદ માંહે દુઃખ સહ્યા બહુ,
તોએ હજુ પાર નાવ્યો મારોરે, અરજ. ૧
ગોતમસ્વામીને બોધ દઈને,
મોક્ષનો બતાવ્યો પંથ સારોરે, અરજ. ૨
આણંદ આદિકને ઉપદેશી,
દેખાડયો સંસારનો કીનારોરે, અરજ. ૩
'રસીક' સ્તુતિ કરી શિવસુખ માગે,
જગતની જંજાળથી ઉગારોરે. અરજ. ૪

મનને હીતોપદેશ.

આનબાન જીયાપે જાનં–એ રાગ.

મન માન શું કહું તુજ ભણી,
ઉત્તમ માનવ જન્મમણી. મનમાન.
પુરવ પુન્યથી નર ભવ પામ્યો,
ધર્મ કર્યો વિણ ધુળમાં ધામ્યો;
પાછળથી પસ્તાય અરે જીવ,
વ્યર્થ ગુમાવ્યો એ ચિન્તામણિ, જીન ધર્મ એ–મન. ૧
દાન શિયળ તપ ભાવના ભાવો,
ચાર પ્રકાર એ ધર્મના ધ્યાવો;
ચાર પ્રકારથી ચૌગતિ નાસેને,
પંચમી ગતિ દીયે જગત ધણી, જીનરાજ એ–મન. ૨
ક્રોધ લોભ મદ મોહ એ ચારે,
ઠગો દઈ દોરે નરકના દ્વારે;
સંસાર સાગર માંહી ભવોભવ,
તાડન તર્જના કરતા ઘણી, બહુ દુષ્ટ એ–મન. ૩
ચારિત્ર મુકિતકો સંગ મીલાવે,
જયઉં મણિ લોહને કનકને બનાવે,
સત્સંગ સોબત છે સુખદાઇને,
મહોબત મુર્ખની જેવી ફણીધર બીક એ. મન. ૪
ધર્મ મિત્ર સંસારથી તારે,
જન્મ મરણ ભવ દુઃખ નિવારે;
સાધન અવસર સર્વ મળ્યું પણ,

જાળ કૂસ્યો શું પ્રમાદ તણી, તજ દુરએ—મન. ૫
પાપી પ્રમાદથી મુક્ત થઇને,
સેનાપતિ સમકીત લઇને;
સંયમ સડકથી શિવપુર જાવોજી,
સમતા અંસિથી કર્મ હણી, કે' 'રસીક' એ મન. ૬

રાવણનુ નાટક—નાચ.

રાગ ભૈરવી તાલ લાવણી.

તમે આવો ગાવો સહુ મળી જીન ગુણ,
વરતે જયજયકાર;
છીછી છુમ, છીછી છુમ, રૂમઝુમ, રૂમઝુમ,
થનક થનક સહુ નાચોરે;
ભવ નાટક નહિ નાચીશ પ્રાણિ,
ભાવ હશે જો સાચોરે;
થયો જય જય આજ, સુખી સકળ સમાજ (૨) તમે. ૧
અખંડ કળાથી નાટક કરતાં,
રાવણ જીનપદ બાંધેરે;
નિશ્ચળ ધ્યાને કર્મ હણીને,
'રસીક' તે શિવ સુખ સાધેરે,
થયો જય જય આજ, સુખી સકળ સમાજ (૨) તમે. ૨

જીનપુજાનો ઠાઠ.

સારૂ સારૂરે સુરત શાહેર મુંબઈ અલબેલી–એ રાગ.

ચાલો ચાલોરે સજજન સહુ આજ જીન પુજન જઇએ,
વ્હાલો વ્હાલોરે લાગે જીનરાજ પુજીને સુખ લહીએ;
રત્નજડીત છે થાળ કનકનો, માંહી ભર્યા છે ફુલરે,
કેસર ચંદન કસ્તુરી વળી, અગર બરાસ અમુલ્ય. જીન. ૧
ધુપ દીપ અક્ષતને શ્રીફળ, નૈવેદ્ય લઈ નીજ હાથરે;
અષ્ટ દ્રવ્યથી પ્રભુને પુજી, 'રસીક' વરો શિવ સાથ, જીન. ૨

અમુલ્ય જીન દર્શન.

હાંરે મેરો જન્મ સફળ થયો આજે,
આવ્યો હું શ્રી જીન દરીશન કાજે, હાંરે મેરો.
ચોત્રીસ અતિશય પ્રભુને છાજે,
પાંત્રીસ વાણીએ ગુણગણ ગાજે, હાંરે મેરો.

સાખી.

હે નાથ ઝાલો હાથ કરગરૂ તાત મુજને તારજો,
સંસાર દાવાનળ થકી કરૂણા કરી ઉગારજો;
પુંઠે પડેલા અંતરગારી તણું દુ:ખ વારજો,
તુજ વીણ કોણ કરી શકે એ આપણો આધારજો;
'રસીક' વિનંતી મધુર અવાજે,
કરતા ભવિજન ભવ ભય ભાજે, હાંરે મેરો.

પ્રભુની આંગી.

રાગ ઓર.

જીનંદા તોરી આંગી બનાઉંરે,
કનક વરખે ફુલ ભરકે, સહુર્ષે આંગી બનાઉંરે, જીનંદા. ૧
અષ્ટ દ્રવ્યથી પુજન કરીને, નૃત્ય કરૂં જીન આગેરે,
ભવ ભ્રમણાનો ફેરો ટાળો, એમ હું ગાઉંરે, હાં હાંરે પ્રભુ,
એમ હું ગાઉંરે. જીનંદા તોરી. ૧
અહર્નીશ આપ નાથને ઝંખુ, જેમ ચાતક જળધરનેરે,
'રસીક' પ્રભુજી મોક્ષે વસીઆ, નિશદિન ધ્યાવુંરે. હાંહાંરે,
પ્રભુ નિશદિન ધ્યાવુંરે. જીનંદા. ૨

રાજેમતિનો રાસડો.

રાગ અજબ.

સજની સહુ જઇએ આપણ આજરે,
શ્રી નેમીજીને વંદવાને (૨)
યૌવનમાં મુજ ત્યાગજ કીધો,
સંસાર છોડીને સયંમ લીધો,
બાળા રાજેમતિ કહે આજરે—ચાલો સહુ વંદવાને.

સાખી.

વાલમ વસ્યા ગિરનાર મુકી મુજને અહિં એકલી,
તોરણ થકી પાછા ફર્યા ના નીરખવાની તક મળી;
એ નાથ વિણ હું અવર સાથે જીવજાતાં નહિં વરૂં,
સ્વામી થયા અણગાર ત્યારે હું રહીને શું કરૂં.

સખીઓની સાથે સતી જાયે ગિરનાર,
દીઠા યદુનાથજી નિરાગીના દેદાર;
ચારીત્ર લે પ્રભુ પાસ તે નારી,
એવી સતીની કહું બલિહારી;
સાધ્યો મુકિતનો જેણે સાજરે. ચાલો સહુ વંદવાને.

સાખી.

ધન્ય ! ધન્ય ! તે નરનાર જેણે મોહ માયા દુર કરી,
આઠે ભવાંતરથી કરેલી પ્રીત અહિં સાચી ઠરી;
નવમે સિધાવ્યા શિવનગરે અચળ રહેવા કારણે,
એક 'રસીક' બાળક બેઉ જણના ભાવથી નિત્ય ગુણ ભણે.
તારો દયાળુ પ્રભુ દાસને લળી લળી પાયે પડું છું,
ત્રાતા બેઠા છો તમે જયોતીમાં હું તો અંધકારમાં રહું છું;
આપો જીણંદ શિવરાજરે—ચાલો સહુ વંદવાને.

વીરપ્રભુને વંદન.

ધર્મ ધુરંધર શ્રીત્રદુનંદન જય જગવંદન સ્વામીરામ.
જગ જયકારી, હે ઉપગારી, ચરણ કમળ વંદુ જીનરાજ,
નાથ તમારી, છે બલીહારી, અજર અમર શીવ વધુ—
શીરતાજ. જગ.

વીર પ્રભુ તુજ વદન નીહાળુ, અઘમળ ટાળુ (૨),
દેવ તુજ આજ્ઞાએ ચાલુ, અતિ સુખ ભાળુ (૨).—જગ.
એકાદશ ગણધરના મનનો, સંશય કીધો દુર વ્હાલા;
ભવ ભ્રમણાથી મુક્ત કરીને, મેલ્યા સિદ્ધિ હજીુર વ્હાલા

'રસીક' સુધારી, ઘો શીવનારી.
પ્રભુ રાખો સેવકની લાજ. જગ.

મનોહર જીન મુરતી.

જોની બ્હેની ખીલેલી પેલી વેલી–એ રાગ.

શિષ્ય—
આહા! છબી દીસે છે કેવી પે.........લી,
સમ વૃત્તિમાં તે છે રમે.........લી–આહા!
નથી જેને રાગ કે દ્વેષ, શોભે એવા કોણ વીશેષ;
ગુરૂ—
એતો છે નિ:રાગી જીનેશ (૨), આ......આ છબી ૧
શિષ્ય—
ચાલો તેના દરીશન કરીએ, "રસીક" સા દુ:ખ દુર હરીએ;
વેગે સુખ મુક્તિનું વરીએ (૨), આ......આ છબી. ૨

પ્રભુની આંગી.

વાહ મધુર મધુરી નાર—એ રાગ.

હે અજબ બની આંગી; પ્રભુ અંગે;
હે કનક પત્ર બહુ શોભે, ને દેખી મુજ મન લોભે,
દરીશન કરવા રંગે— પ્રભુ અંગે. ૧
વળી પુષ્પ ભર્યાં છે સારા, દીપે છે આનંદકારા,

દેખુ હું ઉમંગે— પ્રભુ અંગે. ૨
જેમ મધુકર કમળે ભટકે, હું મોહ્યો પ્રભુના લટકે,
ભાવે 'રસીક' સંગે.— પ્રભુ અંગે. ૩

સિદ્ધાચળનો પ્રભાવ.

મધુર ગુલાબ જોઇ દીલ બન્યુ—એ રાગ.

શિષ્ય—

સીદ્ધાચળ તીર્થનો પ્રભાવ કહો પુન્યશાળી,
તરી હું ભવાબ્ધિ જેથી પાર પામુ પાપ ટાળી; ૧

ગુરૂ—

અનંતા ગુણોથી શોભિત એ ગિરિ શાશ્વતો છે,
લહે નહી પાર કે'તા કેવળી કરોડ જીભે; ૨

શિષ્ય—

સીદ્ધાચળ નામ થયું શાથી તે પ્રકાશ કરો,

ગુરૂ—

અનંતા સીદ્ધ થયા તે સ્થળે તમે દીલમાં ધરો, ૩
બીજા પણ નામ જગપ્રસિદ્ધ એ ગિરિના છે ઘણા,
જીનાલય જયાં અનુપમ દીપતા નહી કાંઇમણા; ૪
ઘણા ભુપાલ ત્યાં તપ આદરીને સ્થીર રહ્યા,
વળી રામ પાંડવાદી સિદ્ધિ વધુ નાથ થયા; ૫

શિષ્ય—

કીધું તમે બ્યાન અતિ શ્રેષ્ઠ એ ગિરિરાજ તણું,
ભેટીએ તીર્થ ભાવે કે' 'રસીક' કર્મ હણું.

વૃષભ દેવ ભગવાનની પ્રીતડી.

સરસામાં સરસ સાર સંસાર શું છે—એ રાગ.

અરજ એક મ્હારી સુણો જીનરાયા,
વસ્યા મોક્ષ નગરે તજી માન માયા. અરજ. ૧
મને પ્રીત લાગી પ્રભુ આપનાથી,
ચ્હહે મોર જ્યમ ચિત્તમાં મેઘરાયા. અરજ. ૨
રટું નિશદીન નામ ત્હારૂજ પ્યારૂ,
મને સુખકારી લગી તુજ છાયા. અરજ. ૩
દીયો દર્શ હે દેવ આધાર ત્હારો,
વર્યા શીવરાણી તજી તુચ્છ કાયા, અરજ. ૪
મને કોડ ઝાઝી રમા મુક્તિ વરવા,
અધિકારી તેના તમે છો નીમાયા. અરજ. ૫
ગ્રહો હાથ ભવ સિંધુથી નાથ તારો,
ઘણા જેમ તાર્યા મરૂદેવી જાયા. અરજ. ૬
વદું શું વધારે મતિ મંદ મ્હારી,
પ્રભુ લાજ રાખો કરી કો ઉપાયા. અરજ. ૭
"રસીક" ગુણ ગાવે રીખવજી તમારા,
નમુ નિત્ય ભાવે પ્રભુ તુજ પાયા. અરજ. ૮

નેમ રાજેમતિનો વિવાદ.

છોડોરે કુંવર મ્હારા હાથને—એ રાગ.

રાજેમતિ—

પીયુજી પધારો મ્હારે મંદીરે, યદુ કુળના શણગાર (૨);

નેમજી નગીના પાછા ના જશો, તજી તુજ સાત નાર. (૨
પીયુજી, ૧
ચંદ ચકોર મોર મેહુનેરે, જેવી લાગી અજબ પ્રીત (૨);
સમુદ્રમાં સરીતા જેમ જઇ મળે, તેવી તુજ મુજ રીત (૨)
પીયુજી. ૨
તુમ વિના કહોને કેમ રહી શકું રે, હું તો આઠ ભવની નાર (૨)
નવમે મને શીદ તજો નાથજી, મ્હારે તાહરો આધાર (૨)
પીયુજી. ૩

નેમ—

તેં કહ્યું જે સર્વ સતિ સત્ય છે રે,
પણ અસાર આ સંસાર (૨);
જન્મ મર્ણને જરાના દુઃખથી,
કહો કોણ ઉગરનાર (૨) પીયુજી. ૪
વૈતરણી નદીનાં કહો કોણ પડેરે,
તજી ગંગનો પ્રસાર (૨)
મુક્તિ પ્રિયા સાથનું જે સુખ છે,
તે તો કદી નહી જનાર (૨) પીયુજી. ૫

રાજેમતિ—

અહીં રહીને નાથ હવે શું કરૂં રે,
આવું આપની સંગાથ,
રાજેમતિ સાથે 'રસીક' વીનવે,
પ્રભુ ઝાલો મુજ હાથ (૨) પીયુજી.

ઉપસંહાર.

રાગ ધન્યાશ્રી.

જન્મ સફળ થયો આજ, હાંરે મેરો જન્મ સફળ થયો આજ
શ્રી ગુરૂ દેવતણા ગુણ ગાયા,
જે જગજન શીરતાજ, હાંરે મેરો. ૧
દેવ અને ગુરૂના ગુણ ગણતા,
લહીએ શિવપુર રાજ, હાંરે મેરો. ૨
મન વચ કાયા નિર્મળ કરીને,
સ્તવીએ ભવોદધિ ઝહાજ, હાંરે મેરો. ૩
લક્ષ્મીવંતની સ્તવના કરતા,
પુર્ણ થાય નહિ કાજ, હાંરે મેરો. ૪
અખુટ ધની ગુરૂ દેવને ભજતાં,
મળશે મુક્તિ સમાજ, હાંરે મેરો. ૫
૧શશિ ૭મુનિ ૯ખંડ ૧ચંદ શુભ વર્ષે, (૧૯૭૧)
ગુંથ્યા ગુણ ગુરૂરાજ. હાંરે મેરો. ૬
તપગચ્છ ઉપવન મુનિ કજ મધુકર.
'રસીક' સ્તવ્યા જીનરાજ. હાંરે મેરો. ૭

સમાપ્ત.

વિજ્ઞપ્તિ.

આ પુસ્તક મેં ક્રમે ક્રમે રચી તૈયાર કર્યું હતું; અને જન સમાજ તેનો લાભ લઇ શકે તેટલા માટે તે છપાવી રૂ. ૦-૮-૦ ની કીંમતે વેચવાનો મારો વિચાર હતો, અને તેનો વધારો કોઇ પણ શુભ કાર્યમાં વાપરવાની મારી ધારણા હતી; પરંતુ આટલું થોડું પૈસા ખરચીને પણ તેનો જોઇએ તેટલો લાભ [illegible] લઇ શકશે નહિ એવું ધારી સામાન્ય અને શ્રીમંત સર્વે જણ તેનો લાભ લઇ શકે એ ઇરાદાથી, હું આ [illegible] નગર શેઠ ચીમનભાઇ લાલભાઇની વિધવા મહાલક્ષ્મી-બાઇને અર્પ્યો, અને આ પુસ્તક સંપૂર્ણ [illegible] મેં તેમને સોંપ્યા, અને તે પ્રમાણે તેમણે પણ પોતાની ઉદાર વૃત્તિથી આ પુસ્તકની ૨૦૦૦ નકલ, પોતાના મર્હૂમ પતિના સ્મરણાર્થે ભેટ આપવાની ખાતર, પોતાના ખર્ચે છપાવવાની મને આજ્ઞા આપી. આ પ્રમાણે પોતાના દ્રવ્યનો સદ્વ્યય કરનાર સજ્જનોને ધન્યવાદ ઘટે છે.

લી. કર્તા.

અમદાવાદ.

સૂચના—જ્ઞાનની આશાતના થાય નહિ તે માટે બરાબર કાળજી પૂર્વક તેની સંભાળ રાખજો.